અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૮-૦૫-૨૦૨૪ શનિવાર


# અવધ ટાઇમ્સ


ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ વૈશાખ સુદ ૧૦ વર્ષ : ૨૮ અંક ૨૩૬






જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ

અમારી કોઇ બીજી શાખા નથી
જેન્ટસ ગાયક કલાકાર સાથે બેન્ડ ડબલ ઘોડાની બગી મળશે
એક જ સરખો ૧૦૦ માણસોનો સ્ટાફ
ધાર્મિક તહેવારો માટે ૧૦ ટકાનું વળતર મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી


॥ અતિથી દેવો ભવઃ ॥

## મેટ્રોસીટીની મોજ હવે.. સૌ પ્રથમ અમરેલીમાં


Avadh
HERITAGE RESORT
"One step close to paradise"

## રવિવારથી શુભારંભ



## અવધ ગેમ ઝોન







ઉદઘાટકશ્રી :-
**માન.શ્રી પરશોતમભાઇ રૂપાલા**
કેબીનેટ મંત્રીશ્રી : ડેરી, પશુપાલન, મત્સ્ય ઉધોગ, ભારત સરકાર



## મનોરંજનની દુનિયામાં...
## એક અનોખી જ સફર...



આધુનિક બાળકો તથા યુવાનો માટે
સૌરાષ્ટ્રમાં પ્રથમ પંક્તિના આપના માનીતા

## અવધ હેરિટેજ રિસોર્ટમાં





સૌરાષ્ટ્રભરમાં એક સાથે ક્યાંય ન મળે તેવી કોમ્પ્યુટર ગેમ્સનો ખજાનો

વડીલો માટે આધુનિક અને આરામદાયક મસાજ ચેર

**શુભારંભ : તા.૧૯-૫-૨૦૨૪, રવિવાર**
**સમય : સવારે ૮ કલાકથી**





## અવધ હેરિટેજ રિસોર્ટ

અમરપુર વરૂડી, અમરેલી

મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮

### ધારી, બગસરા અને ખાંભાનાં ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાનાં પ્રયાસોથી

# ખાંભામાં સરકારી આર્ટસ-કોમર્સ કોલેજની મંજુરી અપાઇ

## ખાંભાને સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજની મંજુરી મળતા રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનો આભાર વ્યક્ત કરતા શ્રી જે.વી.કાકડીયા

## ખાંભા સરકારી કોલેજ આ વર્ષે જીસીએએસ પોર્ટલ પર આવી જશે : ખાંભા પંથકનાં વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યનાં નિર્માણ માટે સરકારી આર્ટસ-કોમર્સ કોલેજ ઉપયોગી બનશે

અમરેલી, ખાંભામાં સરકારી આર્ટસ - કોમર્સ કોલેજની મંજુરી મળતા ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાએ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે. ખાંભા પંથકમાં કોલેજ શિક્ષણ સુવિધા ન હતી. આ અંગે ધારી, બગસરા, ખાંભાનાં ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયાની રજુઆતથી ખાંભામાં સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજની મંજુરી આપવામાં આવતા રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યકત કર્યો છે અને શ્રી કાકડીયાએ જણાવ્યુંછે કે, આ કોલેજ ચાલુ વર્ષે જીસીએએસ પોર્ટલ પર આવશે. કોલેજ શરૂ થવાથી આ વિસ્તારનાં વિદ્યાર્થીઓ માટે પોતાનું ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવા ખુબ ઉપયોગી બનશે તેમ ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયાએ જણાવ્યું હતું.

### શિકાર કરવા જતાં સિંહણનું કૂવામાં પડી જવાથી મોત

## બગસરાના ડેમ વિસ્તારમાં આવેલ રફાળાં અને નાના મુંજિયાસરના સીમાડા વચ્ચે સિંહણ કૂવામાં પડી જતા મોત

### જંગલ ખાતા દ્વારા રેસ્ક્યુ કરી કૂવામાંથી સિંહણને બહાર કાઢતા મૃતક જાહેર કરાઇ



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરા ના મુંજીયાસર ડેમ વિસ્તારમાં એ જે વિસ્તાર રફાળા અને નાના મુંજીયાસર ના સીમાડા પાસે આવેલો છે આ વિસ્તારમાં આવેલી લાલજીભાઈ સતાસિયા ની વાડીમાં એક કૂવો આવેલો છે આ કુવો અંદાજે ૭૦ થી ૮૦ફૂટ જેટલો ઊંડો હોવાથી ગઈકાલે આ કૂવાની અંદર એક બકરી પણ પડેલી હતી જેને બહાર કાઢવામાં આવેલી હતી ત્યારબાદ વહેલી સવાર અથવા તો મોડી રાત ના વનરાજા શિકારની શોધમાં નીકળતા ૧૦ વર્ષની સિંહણ માદા શિકાર પાછળ મુકતા કુવાની અંદર પડી ગયેલ હતી જ્યારે આ બાબતની જાણ ખેડૂત જીવરાજભાઈ લાલજીભાઈ સતાસિયા સવારે ખેતરે આવતા જાણ થઈ ત્યારે તેઓએ તત્કાલ જંગલ ખાતામાં જાણ કરેલી હતી. સવારમાં ૯ વાગ્યાની આસપાસ જંગલ ખાતા ને જાણ કરેલ જંગલ ખાતા તત્કાલ ત્યાં પહોંચી ગયેલ હતું ત્યારે જંગલ ખાતાએ આ સિંહણ માદાને રિસ્ક્યુ કરી બહાર કાઢતા સિંહણ મૃત જાહેર કરી હતી ત્યારબાદ આ સિંહણને જંગલ ખાતાના હોસ્પિટલ ખાતે પીએમ કરવા રવાના કરેલ હતી અને પીએમ રિપોર્ટ માં પણ પાણી માં પડી જવાથી મોત નિપજ્યું છે તેવું જાણવા મળ્યું હતું આવા બનાવો છાશવારે બનતા જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પોતાની વાડીએ ખૂબ મુશ્કેલ બન્યું છે રહેણાંક વિસ્તાર અને વાડી વિસ્તારોમાં અવારનવાર સિહોના આટા ફેરા અને શિકાર માટે જ્યાં ત્યાં જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે ..

## બગસરાનાં મોટા પીઠડીયા કેશવ ધામમાં વાર્ષિક પાટોત્સવ ઉજવાશે

### દિવ્ય મહાચંડી યજ્ઞ, મહા પ્રસાદ, સંતવાણી ડાયરો સહિતનાં કાર્યક્રમો

જુના વાઘણીયા,

બગસરાનાં મોટા પીઠડીયામાં કેશવ ધામ સુરાપુરા શ્રી કેશવબાપા કુળદેવી ગેલ બ્રહ્માણી તથા કેશવ ધામમાં બિરાજમાન દેવી દેવતાઓની કૃપાથી ૬ ઠો વાર્ષિકપાટોત્સવ તા.૧૮-૫-૨૪ શનિવારે યોજાશે. મહાચંડી યજ્ઞનાં દર્શન, મહાપ્રસાદનો લાભ લેવા જણાવ્યું છે. આ પ્રસંગે બાપાની ખાંભી પુજન સવારે ૭ કલાકે, ધ્વજા રોહણ ૭:૩૦ કલાકે, હેમાદ્રી અને ચંડીયજ્ઞ બપોરે ૧૦ કલાકે બીડુહોમ, મહાપ્રસાદ અને રાત્રે સંતવાણી ડાયરામાં કીશનભાઈ ભરવાડ, ચંદ્રભાઈ ગજ્જર, ઉમેશભાઈ પટેલ સહિત કલાકારો સંતવાણી, લોકડાયરાની રમઝટ બોલાવશે તેમ મહંતશ્રી અલ્પેશ ભગત તથા બોઘરા પરિવાર દ્વારા જણાવાયું છે.

## તૌકતે વાવાઝોડાને કારણે ડેડાણ પંથકમાં ભારે નુકશાન છતા ત્રણ વર્ષથી હજુ સહાય મળી નથી

### ત્રણ વર્ષમાં અનેક વખત રજુઆત છતા સહાય ન આપાતા લોકોમાં રોષ



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી)

ડેડાણ આસપાસનાં વિસ્તારોમાં તા.૧૭-૫-૨૧ થી ૧૮-૫-૨૧ સવારનાં ૬ વાગ્યા સુધી તૌકતે વાવાઝોડાએ તબાહી મચાવી હતી અને કરોડોનું નુકશાન થયું હતું અને ડેડાણ સહિતનાં ગ્રામ્ય વિસ્તારનાં લોકોએ નુકશાનની સહાય માટે સરકારી કચેરીમાં રજુઆત કરી પણ તે સમયે જે તે સત્તાધીશોએ આપખુદશાહીથી લોકોને સહાય મળી નથી અને અનેકવાર રજુઆત કરવા છતા સત્તાધીશોએ પોતાનાં ઘરમાંથી રકમ દેવાની હોય તેમ વર્તન કરીને નનૈયો ભણી ધીધો હતો.

ડેડાણનાં મોટાભાગનાં લોકોને આજદીન સુધી સહાય મળી નથી અને સહાયથી વંચિત રહ્યાં હતાં. આજે ત્રીજા વર્ષે પણ લોકો યાદ કરે છે પરંતુ આ સરકારનાં કર્મચારીઓ અને પદાધીકારીઓ આંખ આડા કાન કરે છે અને લોકોને નુક્શાન થયું છે તેને ત્રણ-ત્રણ વર્ષ થયા છતા હજુ કોઈ રીપેરીંગ પણ થયું નથી તેથી ભારે રોષ જોવા મળે છે.

## પોઇચા અને અન્ય અકસ્માતમાં માર્યા ગયેલાઓને પુજ્યશ્રી મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

### દરેકને ૧૫-૧૫ હજારની સહાય આપતા પુ. મોરારિબાપુ



રાજુલા, થોડા દિવસો પહેલાં હાલમાં સુરત સ્થિર થયેલા અને મૂળ અમરેલી જિલ્લાના પરિવાર સાથે કરુણ દુર્ઘટના બની હતી. નર્મદા નદીના પોઈચા ખાતે આ પરિવાર સ્નાન કરવા આવ્યો હતો જેમાં ૭ સભ્યો ડૂબી ગયા હતા અને તે પૈકી ૪ જેટલા મૃતદેહો મળી હતા. પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે સહાયતા રાશિ અર્પણ કરી છે. નવસારી સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા આ રાશિ પહોંચાડવામાં આવશે. મોરબીના લક્ષ્મી નગરના ત્રણ યુવાનો મચ્છુ નદી માં નાહવા પડેલા અને તેમના ડૂબી જતાં મોત નિપજયા છે. પૂજ્ય તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૪૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે સેવા લજાઈના રામકથાના શ્રોતાઓ દ્વારા પહોંચતી કરવામાં આવશે. સુરત નજીક અકસ્માતમાં એક નવજાત શિશુ સહીત ત્રણ લોકો માર્યા ગયા છે જેમનાં પરિવાર ને પણ પૂજ્ય મોરારીબાપુ તરફથી સહાયતા રાશિ અર્પણ કરવામાં છે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.તેમ મહુવાથી જયદેવ માંકડની યાદીમાં જણાવાયું છે.

### અમરેલી જિલ્લામાં પડેલા કમોસમી વરસાદથી

## લાઠી બાબરા ખેડૂતોને થયેલા નુકસાનનું વળતર ચૂકવવા ધારાસભ્યશ્રીની રજૂઆત

### લાઠી બાબરા અને દામનગર વિસ્તારના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા દ્વારા મુખ્યમંત્રી અને મંત્રીને પત્ર લખીને રજૂઆત કરી



બાબરા, (દિપક કનૈયા) અમરેલી જિલ્લા ના લાઠી બાબરા વિધાનસભા વિસ્તારમાં તા. ૧૪ અને ૧૫ મે ના રોજ થયેલ કમોસમી વરસાદ ને લઈ બાબરા પંથકમાં ભારે પવન અને વરસાદના કારણે લોકોને ખાસુ નુકસાન થયું છે અનુસંધાને આજે લાઠી બાબરા અને દામનગર વિસ્તારના ધારાસભ્ય શ્રી તળાવીયા એ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલને પત્ર લખી ખેડૂતો અને ધંધાર્થીઓને થયેલા નુકસાન નુ સર્વે કરાવી વળતર આપવા માંગ કરી છે તેઓએ પત્રમાં લખ્યું છે કે મારા મતવિસ્તારના લાઠી બાબરા બંને તાલુકામાં ગત તા. ૧૪ તેમજ તા. ૧૫ મે ૨૦૨૪ ના રોજ થયેલ કમોસમી માવઠું( તેમજ ભારે પવન સાથે વાવાઝોડું આવવાના કારણે લાઠી બાબરા તાલુકાનાં ખેડૂતોને ઉનાળુ બાજરી. તલ મગ જુવાર જેવા પાકોને બહોળા પ્રકારમાં નુકસાન થયેલ છે ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો એ પોતાની વાડીમા બનાવેલા. મકાનો ધરાશાયી થવાથી ઉપરના પતરા સહિતના સરસામાન ને પણ ખૂબ જ બહોળો પ્રમાણમાં નુકશાની થયેલ છે લાઠી શહેરમાં તેમજ શહેરી વિસ્તારમાં નાના ધંધાથી કેબીન ધારોકો ખાણી પીણીની લારીઓ ધરાવતા ધંધાર્થીઓ જીનીંગ ધારકો બાબરા. જી.આઈ.ડી.સી ખાતે સંકળાયેલૌંહર્કસિર્ચોહ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં નુકશાની થયેલ છે તેમજ ખેડૂતોની ખેતરમાં પડેલ નિરણ ( ઘાસચારો) તમામને મોટા પ્રમાણમાં નુકશાની થયેલ હોય તો આ બાબતે સત્વરે સર્વે કરાવી ખેડૂતોને પાક નુકશાની અંગેનું આપવા અંગેની રજૂઆત કરી છે તેમજ આ બાબતે સત્વરે ઘટતું કરવા વિનંતી કરીછે

## રવિવારે અમરેલી જિલ્લા કોંગ્રેસની કારોબારી યોજાશે

### કોંગ્રેસનાં હોદ્દેદારો, પદાધિકારીઓની ઉપસ્થિતિ

અમરેલી,લોકસભાની ચુંટણીના સંદર્ભે આગામી તા.૧૯/૦૫/૨૦૨૪ ને રવિવારે સવારે ૦૯:૦૦ કલાકે જિલ્લા કોંગ્રેસ પક્ષનાં જુના માર્કેટયાર્ડ ખાતેનાં કાર્યાલયમાં અગત્યની બેઠક યોજાનાર છે. આ બેઠકમાં કોંગ્રેસ સમિતિનાં કારોબારી સદસ્યશ્રીઓ, પુર્વ જિલ્લા પ્રમુખશ્રીઓ, શહેર/તાલુકાનાં પ્રમુખશ્રીઓ, ફ્ન્ટલ ઓર્ગેનાઈઝરનાં જિલ્લા/તાલુકાનાં પ્રમુખશ્રીઓ, વિવિધ સેલનાં જિલ્લા પ્રમુખશ્રીઓ, જિલ્લા/તાલુકા પંચાયતના તથા નગરપાલિકાનાં ચુંટાયેલ સભ્યશ્રીઓ, મહિલા અગ્રણીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રીઓ,પુર્વ ધારાસભ્યશ્રીઓ સહિત અગ્રણી આગેવાનો ખાસ હાજર રહેવા જણાવ્યું છે. જિલ્લા કોંગ્રેસ પક્ષનાં પ્રમુખશ્રી પ્રતાપભાઈ દુધાત દ્વારા જણાવાયું છે.આ બેઠકમાં લોકસભાનાં આપણા ઉમેદવારશ્રી જેનીબેન ઠુંમર, પુર્વ સાંસદશ્રી વિરજીભાઈ ઠુંમર, પુર્વ વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઈ ધાનાણી, પુર્વ ધારાસભ્યશ્રી ઠાકરશીભાઈ મેતલીયા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી પ્રતાપભાઈ દુધાત તથા પુર્વ પ્રમુખશ્રી દેસાઈ, શ્રી અર્જુનભાઈ સોસા, શ્રી ડી.કે.રૈયાણી સહિત અગ્રણીઓ માર્ગદર્શન આપશે. તો સર્વોને સમયસર ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રીએ અનુરોધ કરેલ છે. તેમ પ્રતાપભાઈ દુધાત પ્રમુખ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિએ જણાવ્યું છે.

### વીર શહીદનાં પરિવારને મદદ કરી

## ધારાના નેસનાં વિરગતી પામેલ જવાનનાં પરિવારની સાથે સતત ઉભા રહેતા લોકો

### માતૃભુમિની રક્ષામાં સમર્પીત વીર શહીદનાં પરિવાર સાથે ઉભા રહી સાચી શ્રધ્ધાંજલી પાઠવવા અનુરોધ

રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલાના ભાઈ વીર શહીદ રવિરાજભાઈએ જીવનના છેલ્લાં શ્વાસ સુધી દેશની સેવા કરી હવે આજે આ પરિવારને એક જ દીકરો ગુમાવ્યો છે ત્યારે તેની પડખે આગેવાનો લોકો આગળ આવ્યા હતા. જે પરિવારે એક નો એક દીકરો દેશને આપી દીધો હોઈ તો ધન્ય છે તેમના માતા પિતા, પરંતુ આજે તેમના પરિવાર પર આવી પડેલી મુશ્કેલી સૌએ ઝીલી હતી આ બાબતે વનરાજભાઈ વરુ તેમજ રવુંભાઈ ખુમાણ દ્વારા જાણવા આવ્યું હતું કે આપણે આપણાંથી બનતી મદદ કરવી જોઈએ એ ભાવનાથી આ મેસેજ મોકલ્યો છે.

એટલે જે ભાઈઓ શક્તિ મુજબ હોય એટલી મદદ કરવી જોઈએ, જેમને પોતાની જિંદગી દેશ અને માતૃભૂમિની રક્ષા કરવામાં સમર્પિત કરી દીધી છે તો હવે ફરજ આપણી પડે છે તેમના પરિવાર સાથે ઉભા રહેવાની સાચી શ્રદ્ધાંજલી ત્યારે જ ગણાશે. **Dhakhada ravirajbhai bhavnubhai, Ac No.20363545931, IFC code &SBIN0060215, phon pey 8082041620.**

### આફતના સમયે પશુધનની સુરક્ષા અને સારવાર માટે ભાજપ સરકાર ખડેપગે તૈનાત

## બાબરાના અમરાપુર ગૌશાળાની મુલાકાત લઈને નુકસાનની માહિતી મેળવતા શ્રી ભરત સુતરીયા

### રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલને રજુઆત કરતા શ્રી સુતરીયા



અમરેલી, આફતના સમયે પશુધનની સુરક્ષા અને સારવાર માટે ભાજપ સરકાર ખડેપગે તૈનાત છે. બાબરાના અમરાપુર ગૌશાળા ની મુલાકાત લઈને નુકસાનની માહિતી શ્રી ભરત સુતરીયાએ મેળવી હતી. બાબરા તાલુકાના અમરાપુર ગૌશાળાની મુલાકાત લઈ, ભારે વરસાદ અને પવનને કારણે ગૌશાળામાં થયેલ નુકસાનીની માહિતી મેળવી હતી. આ દરમિયાન સરકાર ગૌશાળા અને પાંજરપોળના પશુઓ તેમજ અસરગ્રસ્ત જિલ્લાઓમાં પૂરતા વાહનો, દવા, રસી અને સાધનો સાથે પૂરતી વ્યવસ્થાઓ કરવામાં આવે તેવી રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબને પત્ર લખી અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયાએ રજૂઆત કરી હતી.

### અવસાન નોંધ

અમરેલી

ઘોઘારી લોહાણા ધારી નિવાસી (મૂળ અમરેલી) મૂળ અમરેલી નાં વતની અને હાલ ધારી શિવનગર રહીશ ઘોઘારી લોહાણા બેન પ્રવિણચંદ્ર કારીયા જે ભાવેશભાઈ પ્રવિણચંદ્ર કારીયા (પ્રાથમિક શિક્ષક - સોઢાપરા) નિલેશભાઈ કારીયા (વડોદરા) અલ્કાબેન કોટેચા અને કૌશિકાબેન નથવાણી નાં માતુશ્રી તથા કિરણબેન ભાવેશભાઈ કારીયા નાં (પ્રાથમિક શિક્ષક) નાં સાસુ તા. ૧૭/૦૫/૨૦૨૪ ને શુક્રવાર નાં રોજ શ્રીજી ચરણ પામેલ છે તેમનું ઉઠમણું તા. ૨૦/૦૫/૨૦૨૪ ને સોમવાર નાં રોજ સાંજે થી ૬:૦૦ લોહાણા મહાજન વાડી ધારી મુકામે રાખેલ છે.

## સાવરકુંડલા માં ધના ભગત આશ્રમે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

### મારૂતિનગર ખાતે આશ્રમમાં પુજન, શાંતિયજ્ઞ, ભંડારા સહિત કાર્યક્રમો



અમરેલી,

સાવરકુંડલા મારૂતિ નગર ખાતે આવેલા ધનભગતના આશ્રમમાં ૧૯થી ૨૦મે ના રોજ સંત શિરોમણી શ્રી ધનાભગતના સ્વરૂપનું પૂજન, મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, શાંતિ યજ્ઞ અને ભંડારો યોજશે.આ નિમિત્તે કન્યા પૂજન, હેમાજળી, શહેરના મુખ્ય માર્ગો પર શોભાયાત્રા , સંતોના સામૈયા, ધર્મસભા યજ્ઞ પ્રારંભ, સમૂહ મહાપ્રસાદ, બીડુંહોમ વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાશે એમ મહંત શ્રીરામજીભગતની માં જણાવવામાં આવે છે.

### મહેસાણાથી ૧૮ કિ.મી.દુર ભુકંપનો આંચકો

"શ્રી ક્રિષ્ના પેસ્ટ કન્ટ્રોલ"
ઉધઈથી બચો
ઉધઈ ની ટ્રીટમેન્ટ કરી આપનાર
ભાવેશભાઈ - મો. ૯૯૨૫૭ ૫૦૩૪૧

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

મોકાની દુકાન વેચવાની છે
અમરેલીમાં ટાવર રોડ ઉપર પરમાનંદ માર્કેટમાં સોની ભાઇઓને અતિ ઉપયોગી એવી અતિ મોકાની દુકાન કસમાં વેચવાની છે
-:: સંપર્ક ::-
મો.૯૮૯૮૨ ૪૮૭૮૯

મકાન વેચાવ છે
અમરેલીમાં ચિતલ રોડ તપોવન પાર્કમાં ઉપર ત્રણ બેડરૂમ, નીચે બેડરૂમ હોલ, કિચન, ફીક્સ ફર્નિચર, મોટુ ફળીયુ, કલર, પીઓપી કરેલ, ત્રણ બાજુ જગ્યા, અંદાજે ૧ વસા જગ્યામાં સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઇપ મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૮૨૦૦૬ ૩૮૬૨૪

મોકાનું મકાન વેચવાનું છે
અમરેલીમાં ચિતલ રોડ, ૨૩-ગીરીરાજનગર, શેરી નં.-૨ માં મજબુત બાંધકામવાળુ, બે માળનું મકાન વેચવાનું છે
-:: સંપર્ક ::-
મો.૯૪૨૮૨ ૦૦૬૬૦, ૯૪૨૮૭ ૦૮૪૫૪

પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા ૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ
૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં
શ્રી ખોડિયાર સ્ટુડિયો
લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી
મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક
શ્રી નિવાસ ડાઇનિંગ હોલ નું જમવાનું તો ભાઇ.. ભાઇ..
ફુલ ગુજરાતી થાળી
સવારનાં ૧૦:૩૦ થી બપોરનાં ૩:૦૦ સુધી મળશે
જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર
સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ
રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬

અમરેલીમાં પ્લોટ વેચવાનો છે
ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગ્લોઝની બાજુમાં, ૨૦ X ૩૩ ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે
-:: સંપર્ક ::-
મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

## સતત ચાર દિવસથી જિલ્લામાં અલગ અલગ જગ્યાએ મીની વાવાઝોડા સાથે વરસાદનો ક્રમ પાંચમાં દિવસે પણ જાળવી રાખ્યો

# ધારીને ધમરોળતું મીની વાવાઝોડું : કેરીના પાકનો ખો બોલ્યો

### અમરેલી, બગસરા, ધારી, લીલીયા, બાબરા સહિતનાં ગામોમાં વિજળીનાં કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો : ચોમાસા જેવો ઠેર ઠેર માહોલ સર્જાયો

### લેક વ્યુ રિસોર્ટમાં મેરેજ ડોમ ઉડયો, એક જ સ્થળે ૨૩ લાખ ઉપરાંતની નુકસાની કેરીના ઘર કહેવાતા ધારીના ગામડાઓમાં આંબા ઉપરથી કેરી ખરી ગઇ

### લાઠીનાં અકાળા, બાબાપુર, સરસીયા, જીરા, ત્રંબકપુર, પાતળા, ગોવિંદપુર, ખીચ્ચા, દેવળા, વીરપુર, દલખાણીયા, ચિતલ, હાથીગઢ, ઢાંગલા, સાજણટીંબા, બોડીયા, ખારા, ગરણી, પાનસડા, ફતેપુર, ચાપાથળ, પીઠવાજાળ, વિઠલપુર, કર્ણુકી સહિતનાં ગામોમાં કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો







અમરેલી,

અમરેલી શહેર અને જિલ્લામાં હવામાન વિભાગની આગાહીના પગલે આજે પાંચમાં દિવસે પણ જિલ્લા સતત હળવા ભારે ઝાપટાથી ગાજવીજ અને પવન સાથે પોણો ઈંચ જેવો વરસાદ પડયો હતો. અમરેલી જિલ્લામાં સતત અવિરત કમૌસમી માવઠાના કારણે ધારી તાલુકાનાં બાગાયતી પાકમાં કેસીના પાકને તેમજ ઉનાળુ બાજરી તલ, મગ, જેવા પાકોને મોટુ નુકશાન થયેલ છે અને અનેક જગ્યાએ ઝાડ પડી ગયા છે અને રિસોર્ટમાં પણ મોટુ નુક્શાન થયું છે. ધારીનાં લેક વ્યુ રિસોર્ટમાં મેરેજ ડોમ સહિત અનેક જગ્યાઓમાં વાવાઝોડાએ નુક્શાન કરતા ૨૩ લાખ ઉપરાંતનું નુકશાન થયું છે.લાઠીના અકાળામાં આજે બપોર બાદ પવન અને વિજળીના કડાકા ભડાકા સાથે અડધો ઈંચ વરસાદ પડયાનો રાજુભાઈ વ્યાસની યાદીમાં જણાવાયું છે. બગસરામાં પવન અને ગાજવીજ સાથે છાંટા પડયાનું રૂપેશ રૂપારેલીયાની યાદીમાં જણાવાયુંછે. અમરેલી તાલુકાના બાબાપુરમાં પવન સાથે છુટાછવાયા છાંટા પડયા બાદ મોડી સાંજે કડાકા ભડાકા સાથે વરસાદ તુટી પડતા વિજળી ગુલ થઈ ગઈ હતી અને આસપાસનાં મેડી તરવડામાં પણ વરસાદ પડ્યાનું હસમુખ રાવલની યાદીમાં જણાવાયું છે. ધારી શહેર અને પંથકમાં વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદના ઝાપટા પડયા હતાં અને પવન હોવાથી કેરી ખરી જતાં કેરીના પાકને મોટુ નુકશાન થયેલ છે. ધારી તાલુકાના સરસીયા, જીરા, ત્રંબકપુર, પાતળા, ગોવિંદપુર, ખીચ્ચા, દેવળા, વીરપુરમાં પવન સાથે કમૌસમી વરસાદના ઝાપટા પડયાનું ઉદય ચોલેરાની યાદીમાં જણાવાયું છે. જયારે ગીર પંથકના દલખાણીયામાં વરસાદનું હળવુ ઝાપટુ પડયાનું યોગેશ સોલંકીની યાદીમાં જણાવાયું છે. અમરેલી તાલુકાના ચિતલમાં વરસાદનું ઝાપટુ પડયાનું હરેશ ધંધુકીયાની યાદીમાં જણાવાયું છે. લીલીયા તાલુકાના હાથીગઢ, ઢાંગલા, સાજણટીંબા, બોડીયા, ખારા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અડધા કલાકમાં વિજળીના કડાકા ભડાકા અને ગાજવીજ સાથે પોણો ઈંચ જેવો વરસાદ પડયો હતો. ભારે પવનના કારણે ગ્રામ્ય વિસ્તારમાં કેટલાંક મકાનોના નળીયા ઉડયાનું શ્રીકાંતદાદા દવેની યાદીમાં જણાવાયું છે. લીલીયાથી મહેશભાઈ દવેના જણાવ્યા અનુસાર ગાજવીજ અને પવન સાથે વરસાદના છાંટા પડયા હતાં. ફતેપુરથી સતિષ રાઠોડના જણાવ્યા અનુસાર ફતેપુર, ચાપાથળ, પીઠવાજાળ, વિઠલપુરમાં અડધો ઈંચ વરસાદ પડયો હતો. ડાભાળાથી રણજીત વાળાના જણાવ્યા અનુસાર ગાજવીજ અને પવન સાથે વરસાદનું જોરદાર ઝાપટુ પડયુ હતું. બાગાયતી પાકમાં કેરી, ઉનાળુ પાકમાં બાજરી, તલ અને મગના પાકને નુકશાન થયેલ છે. અમરેલી શહેરમાં બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવતા વરસાદનું જોરદાર ઝાપટુ પડી જતાં રસ્તાઓ ઉપર પાણી વહેતા થયાં હતાં. લોકોએ ગરમીમાંથી રાહત મેળવી હતી. બાબરાનાં ગરણી અને પાનસડામાં સાંજનાં ૪ કલાક આસપાસ પવન સાથે વિજળીનાં કડાકા ભડાકા સાથે કમૌસમી વરસાદ ખાબકતા અંદાજે એક ઈંચ વરસાદ પડ્યો હતો. ભારે પવન તેમજ વિજળીની સાથે પાણી વહેતા થયા હતાં. થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો જ્યારે કોટડાપીઠા તેમજ કર્ણુકીમાં પણ વિજળીનાં કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો હતો. તેમ કોટડાપીઠાનાં પ્રતિનિધિ શ્રી ગીરીશભાઈ મહેતાએ જણાવ્યું છે.

## -:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, અમો બાલુભાઇ પોપટભાઇ વસોયા રહે.દેવળા, તા.ધારી ના આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, અમો મોજે દેવળા, તા.ધારી ગામે ખાતા નં.-૪૪૬ જેના સર્વે નં.-૯૪ હે.આરે. ૩-૪૮-૦૩ વાળી ખેતીની જમીન અંગે અમારા પુત્ર કિશોરભાઇ બાલુભાઇ વસોયા ને એક કુલમુખત્યારનામું સને.-૨૦૨૧ ના અરસામાં કરી આપેલ છે. જે કુલમુખત્યારનામું કરી આપ્યા બાદ અમોને મારો પુત્ર કિશોરભાઇ યોગ્ય રીતે સાચવતા નહી હોવાથી અને અમારી સેવા કે દરકાર કરતા ન હોય અને અમારી સાથે યોગ્ય રીતે વ્યવહાર કરતા ન હોવાથી અમોએ અમારા પુત્ર કિશોરભાઇ બાલુભાઇ વસોયાને આપેલ કુલમુખત્યારનામું આ જાહેર નોટીસથી રદ ઠરાવીએ છીએ. આજ દિન પછી અમોએ અમારા પુત્ર કિશોરભાઇને આપેલ કુલમુખત્યારનામાનો કોઇ ઉપયોગ અમારા કુલમુખત્યાર તરીકે ક્યાંય પણ કરશે તો તેવા તમામ વ્યવહારો રદબાતલ ગણાશે જે અમોને બંધનકર્તા રહેશે નહી. તો અમોએ આપેલ ઉપરોક્ત કુલમુખત્યારનામા આધારે જો આ કિશોરભાઇ બાલુભાઇ વસોયા કોઇ વ્યવહાર કરે તો તેઓ સાથે કુલમુખત્યારનામાને આધારે કોઇ વ્યવહાર કરવો નહી જે આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે.

સ્થળ : ધારી
તારીખ : ૧૩-૦૫-૨૦૨૪

લી.બાલુભાઇ પોપટભાઇ વસોયા
રહે.દેવળા, તા.ધારી, જી.અમરેલી

---

રાજુલાના મહે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ રાજુલાની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ મરણ અરજી નં. ૧૦૯-૨૦૨૪
અરજદાર : શ્રી સેલોત કાશમભાઈ રાણાભાઈ રહે. રાજુલા, જી.અમરેલી
અરજદારના વિ.વ.શ્રી મહેશ એમ.રાઠોડ
સામાવાળા : જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા રાજુલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના રહીશ શ્રી સેલોત કાશમભાઈ રાણાભાઈએ તેમના ભત્રીજી (૧) શ્રી આયશા ઈબ્રાહીમભાઈ સેલોતનો જન્મ તા.૦૫-૦૬-૧૯૬૭ તથા (૨) શ્રી રજિયા ઈબ્રાહીમભાઈ સેલોતનો જન્મ તા.૧૫-૦૫-૧૯૭૩ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ મહેશ એમ.રાઠોડ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૧૪-૦૫-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા

---

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલીની કોર્ટમાં અમરેલી
અપીલ રજી. નં. ૭૨-૨૦૨૪
અરજદાર : શ્રી ભરતભાઈ વિઠ્ઠલદાસ સરપદડીયા રહે.અમરેલી
સામાવાળા : જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા અમરેલી
અરજદાર તરફે વિ.વ.શ્રી સચિન જી.મહેતા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી તાલુકાના અમરેલી ગામના રહીશ શ્રી ભરતભાઈ વિઠ્ઠલદાસ સરપદડીયાએ તેઓના માતા નર્મદાબેન વિઠ્ઠલદાસ સરપદડીયાનું મરણ તા.૦૬-૦૮-૧૯૮૯ ના રોજ થયેલ હોવા ની મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૧૭-૦૫-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
અમરેલી

---

## -:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર કલ્પેશકુમાર વી. અકબરી, એડવોકેટ, તે મારા અસીલની સુચના અને તેમના વતી આથી જાહેર જનતાને જાણ કરી ખબર આપવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના વડીયા-કુંકાવાવ તાલુકાના ખડખડ ગામના ખેડ ખાતા નંબર-૫૩૬, રે. સ. નં, -૭૩/૩ પૈકી ૧, હે. ૧-૬૧-૮૮, આ.ચો.મી. જેના એ. ૪-૦૦ ગું. વાળી ખેતીની જમીન શ્રી શ્રીમતી કૈલાશબેન બાબુભાઇ રાખોલીયા વા/ઓ શ્રી જગદીશભાઇ ગોવિંદભાઇ વઘાસીયા રહે.સુરત, ઠે.૧૦૧, સ્વસ્તિક ટાવર વિભાગ-એ, સરથાણા જકાતનાકા, જી.સુરતની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોક્ત ખેતીની પિયતવાળી જમીન મારા અસીલ (૧) શ્રી કેશુભાઇ મનજીભાઇ રાદડીયા રહે.કમઢિયા, તા.ગોંડલ, જી.રાજકોટ તથા (૨) શ્રી જયંતિલાલ અરજણભાઇ પીપળીયા રહે.રાજકોટ ઠે.સતાધાર કૃપા, ૨-સરદાર પટેલ પાર્ક, બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફુટ રીંગરોડ, જી.રાજકોટ એ સદરહુ ખેતીની જમીનના માલીક પાસેથી ખરીદ કરવાનું નક્કી કરેલ હોય જેથી સદરહુ ખેતીની જમીનનાં માલીકી, કબજા, ટાઇટલ કે વેચાણ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનું લેણુ, કરજ, બોજો, હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ ભાગ, બક્ષીસ, ભાગીદારી, દરદાવો, ગીરો, લીયન, ચાર્જ કે અન્ય કોઇપણ પ્રકારનો લીઝ, લાયસન્સ, કબજો ભોગવટો, ભરણ પોષણ, ખોરાકી પોષાકી, નિભાવ, રહેણાંક કે ડેવલપમેન્ટ, વારસાઇ, ભાડુઆત હક્ક કે કબજેદાર કે હિસ્સેદાર કે લેણદાર કે અન્ય કોઇપણ પ્રકારના હક્કો કે અન્ય કોઇપણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-દસ (૧૦) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી. જો સમય મર્યાદામાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહુ જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગ ભાગ, હક્ક હિત કે હિસ્સો, દર દાવો નથી અને હોય તો પણ સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે અને સદરહુ જમીન ટાઇટલ કલીયર છે તેમ સમજી મારા અસીલ ખરીદનાર તરીકે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવવા અંગેની કાયદેસરની કાર્યવાહી પુર્ણ કરશે. મુદત વિત્યા બાદના કોઇના કોઇપણ પ્રકારના વાંધા તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ : ૧૭-૦૫-૨૦૨૪

સરનામું :- C/o. દેવ કોમ્પ્યુટર - વડિયા,
મુ. - વડિયા, ઠે, સુરગપરા, જુના બસ સ્ટેન્ડ રોડ,
તા.વડિયા - કુંકાવાવ, જી.અમરેલી.મો.નં.૯૪૨૬૭ ૮૨૯૮૩

---

## -:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર કલ્પેશકુમાર વી. અકબરી, એડવોકેટ, તે મારા અસીલની સુચના અને તેમના વતી આથી જાહેર જનતાને જાણ કરી ખબર આપવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના વડીયા-કુંકાવાવ તાલુકાના તોરી ગામના ખેડ ખાતા નંબર-૧૦૭૬, રે. સ. નં, -૩૯૩ પૈકી ૧, હે. ૦-૯૫-૧૦, આ.ચો.મી. વાળી ખેતીની જમીન શ્રી સેજુ સુરેશભાઇ પરશોતમભાઇ તેમજ ખેડ ખાતા નં.-૧૦૭૮, રે.સ.નં.૩૯૩ પૈકી ૨, હે. ૦-૯૪-૦૯ આ.ચો.મી. વાળી ખેતીની જમીન શ્રી સેજુ પરશોતમભાઇ ભાણાભાઇ બંને મુળ રહે.ખડખડ, તા.વડીયા-કુંકાવાવ, જી.અમરેલી ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોક્ત ખેતીની જમીન મારા અસીલ શ્રી બાવાભાઇ હરીભાઇ પાનેલીયા તથા ભાવેશભાઇ વલ્લભભાઇ સાંગાણી બંને રહે.વેરાવળ (શાપર) તા.કોટડા સાંગાણી, જી.રાજકોટ એ સદરહુ ખેતીની જમીનના માલીક પાસેથી ખરીદ કરવાનું નક્કી કરેલ હોય જેથી સદરહુ ખેતીની જમીનનાં માલીકી, કબજા, ટાઇટલ કે વેચાણ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનું લેણુ, કરજ, બોજો, હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ ભાગ, બક્ષીસ, ભાગીદારી, દરદાવો, ગીરો, લીયન, ચાર્જ કે અન્ય કોઇપણ પ્રકારનો લીઝ, લાયસન્સ, કબજા ભોગવટો, ભરણ પોષણ, ખોરાકી પોષાકી, નિભાવ, રહેણાંક કે ડેવલપમેન્ટ, વારસાઇ, ભાડુઆત હક્ક કે કબજેદાર કે હિસ્સેદાર કે લેણદાર કે અન્ય કોઇપણ પ્રકારના હક્કો કે અન્ય કોઇપણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-દસ (૧૦) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી. જો સમય મર્યાદામાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહુ જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગ ભાગ, હક્ક હિત કે હિસ્સો, દર દાવો નથી અને હોય તો પણ સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે અને સદરહુ જમીન ટાઇટલ કલીયર છે તેમ સમજી મારા અસીલ ખરીદનાર તરીકે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવવા અંગેની કાયદેસરની કાર્યવાહી પુર્ણ કરશે. મુદત વિત્યા બાદના કોઇના કોઇપણ પ્રકારના વાંધા તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ : ૧૬-૦૫-૨૦૨૪

સરનામું :- C/o. દેવ કોમ્પ્યુટર - વડિયા,
મુ. - વડિયા, ઠે, સુરગપરા, જુના બસ સ્ટેન્ડ રોડ,
તા.વડિયા - કુંકાવાવ, જી.અમરેલી.મો.નં.૯૪૨૬૭ ૮૨૯૮૩

---

## -:: જાહેર નોટીસ ::-

અમરેલીના મહે.પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં રૂમ નં.૧૦૧ મુ.અમરેલી
દિવાની પરચુરણ અરજ નં.૧૮/૨૦૨૪
મુદત તા.૧૨-૦૬-૨૦૨૪
અરજદાર તરફે એડવોકેટશ્રી : પી.જે.શુકલ
અરજદારો : અંબાબેન ગાગજીભાઇ સોરઠીયા ઉ.વ.આ.૮૫, ધંધો ઘરકામ, રહે.કમીગઢ, તા.જી.અમરેલી
વિરૂધ્ધ.........................................
સામાવાળા.........................................

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારે અત્રેની અદાલતમાં ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટની કલમ-૬ તથા ૭ અન્વયે અરજદારના પતિ અવસાન પામેલ હોય અને તેમના માનસિક રીતે અસ્થિર પુત્રો વિનુભાઇ ઉ.વ.૪૩ તથા બાઘાભાઇ ઉ.વ.૪૧ નાઓ માનસિક રીતે અસ્થિર હોય તેમજ માનસિક રીતે અસ્થિર પુત્રો વિનુભાઇ ઉ.વ.૪૩ તથા બાઘાભાઇ ઉ.વ.૪૧ તથા અરજદારની વડિલોપાર્જીત જે સંયુક્ત માલીકીની જમીન સંયુક્ત હિસ્સો ધરાવતી જે અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના કમીગઢ ગામની ખાતા નં.૧૫૮ રેવન્યુ સર્વે નં. ૨૯/૩ તથા ૭૨/૩ પૈકી ૨, હે.આરે. ૩-૪૯-૦૪ ચો.મી.વાળી વડીલોપાર્જીત ખેતીની જમીન માનસિક રીતે અસ્થિર પુત્રો વિનુભાઇ ઉ.વ.૪૩ તથા બાઘાભાઇ ઉ.વ.૪૧ ના વાલી તરીકે સંયુક્ત માલીકીની જમીન વેચાણ કરવા માટે હાલની આ દિવાની પરચુરણ અરજ કરેલ છે.

આમ આ અરજી મુજબ જણાવેલ વિગતની સામે કોઇને પણ વાંધો તકરાર હોય તેઓએ તેમના આધાર પુરાવા સાથે મુ.તા.૧૨-૦૬-૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦:૪૫ કલાકે હાજર રહેવુ જો તેમ કરવામાં કસુર થશે તો નામ.કોર્ટ આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.
આજ તા.૧૪ મી માહે મે સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| આર.આર.નરેલા | એચ.ડી.વસાવડા | કોર્ટનો સિક્કો | એમ.એન.મકવાણા |
| આસીસ્ટન્ટ | સિનિયર કલાર્ક | | બેંચ કલાર્ક ગ્રેડ-૧ |
| ડિસ્ટ્રીક્ટ કોર્ટ અમરેલી | ડિસ્ટ્રીક્ટ કોર્ટ અમરેલી | | ડિસ્ટ્રીક્ટ કોર્ટ અમરેલી |

---

## મકાન ભાડે રાખવાની જાહેર નિવિદા
(નવમો પ્રયત્ન)

અમરેલી જીલ્લામાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગુ.રા ગાંધીનગર હસ્તકની સરકારી કુમાર છાત્રાલય- જિ.-અમરેલી માન્ય સંખ્યા-૮૫ અંદાજીત ૫ થી ૬ હજાર ચો.ફુટ વાળુ મકાન ભાડેથી જોઇએ છે. શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૦૨૫માં છાત્રોને પ્રવેશ આપવાનો થાય છે. તેથી મકાન માલીક કે સંસ્થાઓ પાસે પોતાનુ સ્વતંત્ર,વ્યકતિગત માલીકીનુ મકાન હોય, જેઓ પાસે ભાડે આપવાના મકાનના દસ્તાવેજ, ઇન્ડેક્ષ, બાંધકામની સક્ષમ અધિકારીશ્રી દ્રારા અપાયેલ રજાચિઠ્ઠી, મંજુર થયેલ પ્લાન, ટાઇટલ કલીયરના સર્ટીફિકેટ, નગર પાલીકામાં ભરાયેલ વેરાની પહોચ છેલ્લા ભરાયેલ લાઇટ બીલ, પાનકાર્ડ, ચુટણીકાર્ડની નકલ તથા અપેક્ષિત માસિક મકાન ભાડા રકમ ઉકત તમામ આધારો સાથે અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૨૦માં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી નીચેના સરનામે મોકલવાની રહેશે
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી-અમરેલી બહુમાળી ભવન, બી-બ્લોક, રૂમ નં.૩૦૩, ત્રીજો માળ ફોન નં. (૦૨૭૯૨-૨૨૩૪૪૬) આ સરનામે બંધ કવરમાં મોકલવાની રહેશે. અરજી પર "મકાન ભાડા અરજી" એમ સ્પષ્ટ પણે ઉલ્લેખ કરવાનો રહેશે. જરૂરી આધારો વગરની અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
અમરેલી

જિમાક/અમરે/૦૨/૨૪

જય ઉમિયા માતાજી ॐ નમો નારાયણ જય નાગનાથ મહાદેવ
94281 90118
UF ઉમિયા ફેશન
એક જ ભાવ
સાઇઝ S TO 5XL
ઉનાળામાં પણ ઠંડકનો અહેસાસ
ઉમિયાનું ઉનાળુ કલેક્શન છે ખાસ....
કેપ્રી | જીન્સ | કોટન ટ્રેકપેન્ટ
શોર્ટસ | નાઈટવેર | કોલર પોકેટ - ટી શર્ટ
બરમુડા | સેન્ડો ટી-શર્ટ | ફુલ/હાફ સ્લીવ ટી-શર્ટ
(જોકી, કાંચીરો, કીલવીલ, બ્લેક વાઈન, પ્લેયર્સ, હકુચો)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

એકલવ્ય કોમર્સ
ધોરણ 11-12 કોમર્સ( ગુજરાતી માધ્યમ)
100% કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-11 કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી કોમર્સ સ્કૂલ
ધોરણ 12 કોમર્સ(વર્ષ 2024) સામાન્ય પ્રવાહ નું અસામાન્ય પરિણામ
A1 ગ્રેડ 50% ફી માફી
કુલ વિદ્યાર્થી :- 66
પાસ થયેલ વિદ્યાર્થી :-57
સંસ્થા નું પરિણામ :-86.36%
95 PR UP :- 07 વિદ્યાર્થી
90 PR UP :- 10 વિદ્યાર્થી
75 PR UP :- 21 વિદ્યાર્થી
A2 ગ્રેડ :- 10 B2 ગ્રેડ :- 13 B1 ગ્રેડ :- 16
ધો.10 P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.10 P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર PR | 25% |
| 90 થી 95 PR સુધી | 20% |
| 85 થી 90 PR સુધી | 15% |
| 65 થી 85 PR સુધી | 10% |
| 50 થી 65 PR સુધી | 05% |

શુ કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
→ છેલ્લા 16 વર્ષોના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઇલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્રારા આપવામાં આવશે
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૬૬ ૩૪૪૨૬ - ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી

અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન
જય રામદેવ ટ્રાવેલ્સ
તદ્દન ન્યુ બ્રાન્ડ
A/C, NON A/C બસ
નેસડીથી સુરત
તાતણીયાથી સુરત
ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL
ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત
ટાઇમ રાત્રે ૭,૮,૯
ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી
અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૯૯૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૭૦૦
ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૮૭૫,
Online Booking : www.jayramdevtravels.com

હવે કોઈપણ A.C.ની ખરીદી પર મેળવો...
Rs.3000/-* CASHBACK
0% ફાયનાન્સ
સિફ્ની એર કુલર
GENERAL MITSUBISHI BLUE STAR Cruise
DAIKIN VOLTAS LLOYD IFB BPL
HITACHI Kelvinator LG Whirlpool
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઈલેક્ટ્રોનિક્સ
શોપ નં.૮, સુંદરાઈ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo. 78020 42200 | 94267 61717

LG Life's Good.
Happiness Comes Home
EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
Up to 5% Cash Back Max. up to 2000/-*
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૮-૦૫-૨૦૨૪ શનિવાર

# કોર્ટના નવા ચૂકાદાથી કેજરીવાલ જેવા તમામ કેસમાં જામીન મેળવવા હવે આસાન

કેન્દ્ર સરકારના તાબા હેઠળની એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ કાળો કેર વર્તાવ્યો છે ને ગમે તેને ઉઠાવીને જેલમાં નાંખી દે છે ત્યારે સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે કે, મની લોન્ડરિંગનો મામલો સ્પેશિયલ કોર્ટમાં પહોંચ્યો હોય તો એન્ફોર્સમેન્ટ (ઈડી) પ્રિવેન્શન ફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની કલમ ૧૯ હેઠળ આરોપીની ધરપકડ કરી શકે નહીં. આ મામલે છેલ્લી સુનાવણી ૩૦ એપ્રિલે થઈ ત્યારે સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો હતો કે, સ્પેશિયલ કોર્ટે પીએમએલએ હેઠળ આરોપીને સમન્સ મોકલ્યા પછી તે હાજર થયો હોય તો આવી વ્યક્તિ સીઆરપીસી હેઠળ જામીન માટે અરજી શકે ખરી? સુપ્રીમ કોર્ટે આ અંગે કોઈ ચુકાદો નહોતો આપ્યો પણ હવે કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો છે. આ ચુકાદો ટેકનિકલ છે તેથી સામાન્ય લોકોને તેનું શું મહત્ત્વ એ સવાલ થાય. આ સવાલ વ્યાજબી છે. આ ચુકાદાની અસર એ થઈ શકે કે, અરવિંદ કેજરીવાલ સહિતના પીએમએલએની કલમ ૧૩ હેઠળ ધરપકડ છે એવા આરોપીઓ માટે જામીન મેળવવાનો રસ્તો આ ચુકાદાથી ખૂલી ગયો છે.

પીએમએલએની કલમ ૧૯ કહે છે કે ઈડીને મની લોન્ડરિંગના ગુનામાં આરોપીની સંડોવણીની શંકા હોય તો તે તેની ધરપકડ કરી શકે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, મની લોન્ડરિંગનો કેસ સ્પેશિયલ કોર્ટમાં પહોંચી ગયો હોય ને કોર્ટે તેની લઈ લીધી હોય પછી કોર્ટની મંજૂરી વિના ધરપકડ ન કરી શકાય. કેજરીવાલની જામીન અરજી અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી જ રહી છે. આ કેસમાં ઈડી દ્વારા કલમ ૧૯નું જે અર્થઘટન કરાયું તેનાથી બિલકુલ વિપરીત ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો હોવાથી કેજરીવાલની નિયમિત જામીન મળવાની શક્યતા વધી ગઈ છે. અલબત્ત ઈડી સામે નવા મજબૂત પુરાવા મૂકીને તેમને જામીન પર મુક્ત થતાં રોકી શકે છે. આ ઉપરાંત આરોપી મની લોન્ડરિંગ હેઠળ જામીન માટે અપીલ કરે ત્યારે કોર્ટે સરકારી વકીલની દલીલો સાંભળ્યા પછી સંતોષ થાય કે આ વ્યક્તિ દોષિત નથી અને બહાર જઈને ફરી આવો ગુનો કરશે નહીં તો જામીન આપી શકાય કેજરીવાલના કેસમાં પણ આ બાબત લાગુ પડી શકે છે તેથી કેજરીવાલ આ ચુકાદાના કારણે છૂટી જ જશે એવું છાતી ઠોકીને ના કહી શકાય પણ જામીન મળવાની શક્યતા પ્રબળ બની છે એવું કાયદાકીય નિષ્ણાતો માને છે.

ઈડીએ પીએમએલએની કલમ ૧૯ના અર્થઘટનમાં બીજી પણ મહત્ત્વની વાતો કરી છે. સુપ્રીમ કોર્ટે સાફ કહ્યું છે કે, મની લોન્ડરિંગનો આરોપી કોર્ટના સમન્સ પછી હાજર થાય તો જામીન માટે અરજી કરવાની જરૂર નથી. આ સ્થિતિમાં પીએમએલએની કલમ ૪૫ હેઠળ જામીનની શરતો પણ લાગુ પડતી નથી. કોર્ટના સમન્સ પછી જો આરોપી હાજર થાય તો ઈડીએ તેના રિમાન્ડ માટે સ્પેશિયલ કોર્ટમાં અરજી કરવી પડશે. કોર્ટ એજન્સીને જ કસ્ટડી આપશે જ્યારે તેને આરોપીની કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી છે એવો સંતોષ થશે. સુપ્રીમ કોર્ટે પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી તરસેમ લાલ નામના પિટિશનરની અરજી પર આ આદેશ આપ્યો છે. તરસેમ લાલે પોતાની સામે થયેલા મની લોનડરિંગ કેસમાં જામીન માટે અરજી કરી હતી પણ હાઈ કોર્ટે આરોપીની ટાળવા માટે કરાયેલી આગોતરા જામીન અરજી ૨૦૨૩ના ડિસેમ્બરમાં ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે તરસેમ લાલની દલીલોને માન્ય રાખી છે.

તરસેમ લાલે જામીન અરજીને ફગાવવાના ચુકાદાને પડકાર્યો પછી સુપ્રીમ કોર્ટે આ વર્ષે જાન્યુઆરીમાં આરોપીઓને વચગાળાના જામીન આપ્યા હતા. તરસેમ લાલ જે કેસમાં આરોપી છે એ કેસ જમીન કૌભાંડનો છે. તરસેમ સહિતના કેટલાક મહેસૂલ અધિકારીઓ પર મની લોન્ડરિંગનો આરોપ મુકાયો છે. જસ્ટિસ અભય ઓકા અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાની બેંચે પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટના ચુકાદાને ફગાવતાં કહ્યું છે કે, આરોપી કોર્ટ દ્વારા સમન્સ પાઠવ્યા બાદ હાજર થયો હોય, તો એવું માની શકાય નહીં કે તે ધરપકડ હેઠળ છે કેમ કે કોર્ટ સમક્ષ હાજર થયો છે. આ સંજોગોમાં ઈડીએ સંબંધિત કોર્ટમાં કસ્ટડી માટે અરજી કરવાની રહેશે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો મહત્ત્વનો છે ને આ ચુકાદાનો અર્થ એ છે કે ઈડી કોઈ વ્યક્તિની તપાસ દરમિયાન ધરપકડ ન કરે પણ પછી સ્પેશિયલ કોર્ટમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ મોકલે તો પછી આરોપીની ધરપકડ ના કરી અત્યાર લગી એવું ચાલતું રહ્યું છે કે, ઈડી આરોપીની ધરપકડ ના કરે પણ તેના કેસને લગતી વિગતો કોર્ટને મોકલે તો પછી ઈડીના અધિકારીઓ પીએમએલએ એક્ટની કલમ ૧૯ હેઠળ આપવામાં આવેલી વિશેષ સત્તાનો ઉપયોગ કરી શકતા નથી. ઈડીના અધિકારીઓ બેલગામ છે અને કોઈની સામે પીએમએલએ લગાવી દે પછી તેની વાટ દેતા હોય છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ઈડી અધિકારીઓની મનમાની પર કાબૂ મૂકશે. આ કાબૂ કેટલા સમય સુધી રહેશે એ જોવાનું રહે છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો મોટો છે અને કેન્દ્ર સરકાર માટે ફટકા સમાન છે. આ સંજોગોમાં કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટના ચુકાદાને બિનઅસરકારક કરવા માટે પીએમએલએ એક્ટમાં સુધારો કરી દે બને. આ પહેલાં નવેમ્બર ૨૦૧૭માં, સુપ્રીમ કોર્ટે પીએમએલએની કલમ ૪૫(૧) ને પણ અમાન્ય ઠેરવી હતી. ઈડીએ મની લોન્ડરિંગ આરોપીના જામીન માટે બે વધારાની શરતો લાદી હતી. એ વખતે કેન્દ્ર સરકારે પીએમએલએ એક્ટમાં સુધારો કરીને જૂની જોગવાઈઓ જાળવી રાખી હતી.

કલમ ૧૯ના સંદર્ભમાં પણ કેન્દ્ર સરકાર એવું કરી જ શકે. એક્ટનો ઉપયોગ રાજકીય હરીફોને પછાડવા માટે થાય છે એ જોતાં ફરી ભાજપની સરકાર આવી તો આવું થશે જ તેમાં બેમત નથી, પણ કમ સે કમ નવી સરકાર ના રચાય ત્યાં સુધી ભાજપ એવું કરી શકે એવી શક્યતા નથી. આ સંજોગોમાં કેજરીવાલને ફાયદો થઈ જાય એવું બને. જો કે કેજરીવાલના બધો આધાર જજના વલણ પર છે અને આપણે ત્યાં ન્યાયતંત્રમાં બેઠેલા લોકો ન્યાયપૂર્વક વર્તશે તેની ગેરંટી નથી હોતી. પોતે આપેલા ચુકાદાને સુપ્રીમ કોર્ટ ફગાવી દે એવું બનતું જ હોય છે.

# અમરેલી જિલ્લાની ૧૨ આઇટીઆઇમાં પ્રવેશ અપાશે

## પ્રવેશ રજીસ્ટ્રેશન માટે આઇટીઆઇમાં પ્રક્રિયા શરૂ કરાઇ

અમરેલી, અમરેલી જીલ્લાની તમામ ૧૨ આઈ.ટી.આઈ ખાતે પ્રવેશ સત્ર ૨૦૨૪ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયેલ છે. જેમાં ધોરણ ૧૦ પાસ તેમજ ધો ૮ પાસ ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવા માટે જિલ્લાની કોઈપણ આઈ.ટી.આઈનો સંપર્ક કરી શકશે.

અમરેલી જીલ્લામાં હાલમાં અમરેલી, લાઠી, લીલીયા, બાબરા, બગસરા, ધારી, કુકવાવ, વડિયા, સાવરકુંડલા, ખાંભા, રાજુલા અને જાફરાબાદ આમ કુલ ૧૨ સંસ્થાઓમાં ખાતે સરકારી ઔધોગિક સંસ્થાઓ આવેલી છે જ્યાં હેલ્પ સેન્ટરો ઊભા કરાયેલા હોય તમામ ઉમેદવારો સહેલાઈથી ઓનલાઈન પ્રવેશફોર્મ ભરી શકે તે માટે વ્યવસ્થા ઊભી કરાયેલ હોવાનું નોડલ આચાર્યશ્રી અમરેલીની યાદીમાં જણાવાયું છે.

### અવસાન નોંધ

અમરેલી

અમરેલી નિવાસી રેશ્માબેન રમેશભાઈ વ્યાસ (ઉ.વ.૫૦) તે રમેશભાઈ દુર્લભજીભાઈ વ્યાસના પત્ની, મમ્મી, ગં.સ્વ. સવિતાબેનના પુત્રવધુ, મુકેશભાઈના નાના ભાઈના પત્ની, અશ્વિનભાઈના ભાભી, ભાવેશભાઈ મનહરલાલ પાઠકના બહેનનુ તારીખ ૧૬ના અવસાન થયુ છે. સ્થાનિક બેસણુ તા. ૨૦ને સોમવારે સાંજે ૪ થી ૬ તથા લૌકિક વ્યવહાર અને ઉતરક્રિયા તારીખ ૨૬ને રવિવારે સહજ હોલ, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે રાખેલ છે. પીયર પક્ષનુ બેસણુ સાથે રાખેલ છે.

# ગ્રહોની ચાલ




રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૧૮.૫.૨૦૨૪ શનિવાર, સંવંત ૨૦૮૦ વૈશાખ સુદ દશમ, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, હર્ષણ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે.

## સ્વપ્નની રાશિ મીનમાં મંગળ રાહુ સ્વપ્ન દ્વારા ઘણા સંકેત આપી જાય છે!

હાલમાં મંગળ રાહુ યુતિ અંશાત્મક રીતે એકદમ નજીક છે અને તેના પરિણામો વિષે હું અત્રે લખતો રહું છું જે ઘટનાક્રમ આગળ વધતો જાય છે! મીનમાં મંગળ રાહુ અનિંદ્રા બેચેની થી લઈને દિગ્ગજ લોકોના કારાવાસ અને બે દેશ વચ્ચે સંઘર્ષથી લઈને દરિયાઈ ઘટનાઓ વિષે અત્રે જણાવ્યું હતું. હમણાં ઘણા ફીડબેકમાં સ્વપ્ન વિષે વિસ્તૃત વાત થઈ મારા ફોરેનના એક ક્લાયન્ટને તેની બેબીને એક યુનિવર્સીટીમાં એડમિશન મળે છે તેવું સ્વપ્ન આવ્યું અને બે જ દિવસમાં એ મુજબ જ એડમિશન મળી ગયું તો અમદાવાદથી એક ક્લાયન્ટને સ્વપ્ન આવ્યું કે તેના જુના ઘરે એક ટેબલના ખાનામાં મહત્વની વસ્તુ પડી છે



એ મુજબ તેમને જુના ઘરે તે ખાના માંથી જરૂરી ડાયરી મળી!! આ ઘટનાઓ બાદ મારુ ધ્યાન ગયું કે મંગળ રાહુ મીન રાશિમાં છે અને મીન રાશિ સ્વપ્નની રાશિ છે, સ્વપ્નનો પ્રદેશ છે માટે હાલ જયારે મંગળ રાહુ મીનમાં થી પસાર થાય છે વળી મંગળ કાળપુરુષની કુંડળીમાં પ્રથમ ભાવના સ્વામી છે ત્યારે હાલના સમયમાં આવતા સ્વપ્નના સંકેત સટીક હોવા જોઈએ માટે અત્યારે જે સ્વપ્ન આવે તેને યોગ્ય રીતે ડિકોડ કરવામાં આવે તો ભવિષ્યના ઘણા દરવાજા ખુલી શકે છે માટે આ સમયના સ્વપ્નનું નિરીક્ષણ બારીકાઈ થી કરવું જોઈએ!! આ સમયમાં તમને પણ કોઈ સટીક સ્વપ્ન જોવા મળે તો તમારી જન્મકુંડળી મુજબ તેનું અર્થઘટન અવશ્ય કરાવવું જોઈએ!!

મેષ (અ,લ,ઈ) : સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે, બુદ્ધિપૂર્વક નિર્ણય લેવા.
વૃષભ (બ,વ,ઉ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો. લાગણીના સંબંધોમાં સારું રહે.
મિથુન (ક,છ,ઘ) : તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.
કર્ક (ડ,હ) : ગણતરીપૂર્વકના સાહસ થી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો.
સિંહ (મ,ટ) : બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતો માં મધ્યમ રહે, આવકના નવા સ્ત્રોત્ર વિચારી શકો.
કન્યા (પ,ઠ,ણ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવા વિચારોથી લાભ થાય, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
તુલા (ર,ત) : દૂર દેશ થી સારા સમાચાર મળે, નવા સંપર્કો સાથે વાત થાય. અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
વૃશ્ચિક (ન,ય) : જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચાર થી મન સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ) : વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.
મકર (ખ,જ) : ગુરુકૃપા થી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌન થી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય, શુભ દિન.
કુંભ (ગ,સ,શ) : બધું મનનું ધાર્યું ના થાય, મિશ્ર અનુભવ આપતો દિવસ, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ) : પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, સુંદર દિવસ.

છેલ્લા સાતેક મહિનાથી આરોપી નાસતો ફરતો હતો

# બગસરા કોર્ટની સજા વોરંટના નાસતા ફરતા આરોપીને પોલીસે પકડી પાડયો

## અમરેલી સિટી પોલીસે બાતમી આધારે ઝડપી લીધો



અમરેલી, અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ નાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેક્ટર ડી.કે.વાઘેલા ના સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ અમરેલી પો.સ્ટે.ની પોલીસ ટીમે મહે.પ્રિન્સીપાલ સિવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.સા.બગસરાની કોર્ટના ફો.કે.નં.૯૮/૨૦૧૮ નેગોશ્યેબલ એક્ટની કલમ ૧૩૮,૧૪૨ મુજબના કામે કસુરવાર ઠરાવી સજાનુ વોરંટ ઈસ્યુ થયેલ હોય, જે સજા વોરંટના કામે ચોક્કસ બાતમી આધારે નાસતા ફરતા આરોપી પાર્થભાઈ ઘનશ્યામભાઈ પંડયા રહે.જસદણ ૧૮૮ હુડકાનો તા.જસદણ જી.રાજકોટવાળાને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# અમરેલી લાઠી ચોકડી પાસે ટ્રકમાં ગેરકાયદેસર પશુની હેરાફેરી કરતાં પાંચ શખ્સો ઝડપાઇ ગયા

## પોલીસે વોંચ ગોઠવી છ ભેંસ, ત્રણ પાડા અને વાહન કબ્જે કર્યુ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી તાલુકાના લાઠી ચોકડી પાસે પો.કોન્સ. વરજાંગભાઈ મોળાસીયાએ ટ્રક નં. જી જે ૦૪ એકસ ૮૧૧૨માં છ ભેંસ તથા ત્રણ પાડા ભરી કોઈ પણ પ્રકારના ઘાસચારા કે પાણીની સગવડ ન રાખી ખીચોખીચ ભરી ગુનો કરી મળી આવતા ઈમત્યાઝ ઉર્ફે કાળો આદમભાઈ ખોરાણી રહે. અમરેલી, અનંજુમ મહમદભાઈ તરકવાડીયા, અબુ ગુલમહમદભાઈ તરકવાડીયા, રફિક ઉર્ફે ગડુ હબીબભાઈ તરકવાડીયા, જાવેદ ઉર્ફે લખોટી રહે. વલણગામ વાળાને મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

બે વર્ષ પહેલા સસરા સાથે માથાકુટ થયેલ જે મનદુઃખ રાખી

# લાઠીના રાભડામાં જેઠ ઉપર હુમલો થતાં છોડાવવા વચ્ચે પડેલ મહિલાને ઇજા

## મહિલાને ઇજા કર્યાની પોલીસમાં ફરિયાદ દાખલ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) લાઠી તાલુકાના રાભડા ગામે તા.૧૫-૫ના સવારના ૧૦-૩૦ કલાકે નિતાબેન રમેશભાઈ પરમાર ઉ.વ.૩ના સસરા સાથે ગોરધન ગંગાભાઈને એક વર્ષ પહેલા માથાકુટ થયેલ જે મનદુઃખ રાખી વિપુલ ગોરધનભાઈ, લાભુ ગોરધનભાઈ, કિરીટ નાનજીભાઈએ જેઠ લલીતભાઈ ધીરુભાઈ પરમારને પાઈપ વડે આડેધડ ઘા મારી મધુવાઘાભાઈ, મનીષ માવજીભાઈએ લાકડી વડે આડેધડ મારમારતા ફરિયાદી નિતાબેન તેના જેઠને મારમાંથી છોડવવા વચ્ચે પડતા ગોરધને ધાર્યા વડે નીતાબેનને ડાબા હાથના અંગુઠા ઉપર મારમારી ગોરધન, વિપુલ, લાભુએ પતિને રસ્તામાં રોકી તાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી. સંગીતાબેન વિપુલભાઈ, વર્ષાબેન લાભુભાઈ નિતાબેન તથા તેના જેઠને ગાળો બોલી એક સંપ કરી પાઈપ, લાકડી તથા ધાર્યા જેવા હથિયાર વડે ઈજા પહોંચાડી પોતાનો સમાન હેતુ પારપાડવા ગેરકાયદેસર મંડળી રચી હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કર્યાની દામનગર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલાના આગરીયા ગામના રસ્તા વચ્ચે મહેન્દ્રા પીકઅપે બાઇકને હડફેટે ચડાવ્યું

## બાઇક સાથે ભટકાવી કાકા ભત્રીજાને ઇજા કરી વાહન મુકી ચાલક ફરાર

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) રાજુલા તાલુકાના આગરીયા ગામની રસ્તાની વચ્ચે પહોંચતા જાફરાબાદ તાલુકાના ખાલસાકંથારીયા ગામના દાનાભાઈ પુંજાભાઈ જોગદીયા ઉ.વ.૪૯ તથા તેમના ભત્રીજા શૈલેષભાઈ રાઘવભાઈ જોગદીયા તા. ૧૫-૫ના સાંજે પોતાનું બાઈક જી જે ૦૩ ઈડી ૧૯૭૩ લઈને થોરડી ગામેથી ખાલસા કંથારીયા ગામે જતાં હોય ત્યારે આગરીયા ગામની રસ્તાની વચ્ચે પહોંચતા સામેથી આવતી મહિન્દ્રાપીકઅપ જીજે૦૪એટી૭૯૪૨ નાચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે ભટકાવી દાનાભાઈને જમણા પગે થાપાના ભાગે ફેકચર કરી જમણા કાને ઈજા કરી ભત્રીજા શૈલેષભાઈને જમણા પગમાં મુંઢ ઈજા કરી વાહન મુકી ચાલક જીજ્ઞેશ અરજણભાઈ વાળા રહે. નેસડી તા.ખાંભા વાળો નાસી ગયાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# સુરતમાં પરિણીતાને ત્રાસ અપાયો

## સાસરીયાઓએ ત્રાસ આપી મારમાર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

સુરતમાં રહેતી હાલ પિયર અમરેલીની દયાબેન આશિષભાઈ સાવલીયા ઉ.વ.૩૪ને પતિ આશિષ હરિભાઈ, સાસુ રસીલાબેન હરિભાઈ, જેઠ હિરેન હરિભાઈ મુળ ચારણીયા તા. વડીયા હાલ સુરત તથા નણંદ અલ્કાબેન સંદિપભાઈ ભુવા રહે. સુરતવાળાએ નાની બાબતોમાં મેણા ટોણા મારી ત્રાસ આપી નણંદે પતિને ચડામણી કરતાં પતિએ અવાર નવાર ઢીકાપાટુ વડે મુંઢ મારમારી ધમકી આપ્યાની અમરેલી મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં ઇ-એફઆઇઆરથી દાખલ થયેલો મોબાઇલ ચોરીઓનો ભેદ ઉકેલતી પોલીસ

## અમરેલી સિટી પોલીસે ભેદ ઉકેલી ગુનો ડિટેક્ટ કર્યો



અમરેલી, અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ નાઓએ જરૂરી સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલા ના સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ અમરેલી સીટી પો.સ્ટે.ની પોલીસ ટીમને ચોક્કસ બાતમી તથા ટેક્નિકલ સોર્સની મદદથી અમરેલી સીટી પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૩૦૦૪૬/૨૦૨૩ આઈ.પી.સી. કલમ ૩૭૯ મુજબના ગુન્હાના કામે મહેશભાઈ હરીભાઈ વાટીયા ઉ.વ.૩૭ ધંધો.હિરાઘસુ રહે.જસદણ બસ સ્ટેન્ડ પાછળ તા.જસદણ જી.રાજકોટ મુળ રહે.પાનસડા તા.બાબરા જી.અમરેલીવાળાને ચોરી કરેલ મોબાઈલ ફોન સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# અમરેલીના લાઠી રોડ બ્રાહ્મણ સોસાયટી પાસે યુવાન ઉપર હુમલો

## ઢોસા વેચવાની રિક્ષા આડી ઉભી રાખતા બે શખ્સોએ મારમારી પગમાં ફેકચર કર્યુ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી લાઠી રોડ બ્રાહ્મણ સોસાયટી દિલીપ ગોલાવાળાથી થોડે દુર વિજયભાઈ પ્રહલાદભાઈ જોગરાજીયા ઉ.વ.૨૫ પોતાની ઢોસા વેચવાની રીક્ષા આડી ઉભી રાખતા પ્રદિપ દડુભાઈ ચાંદુ, રાજદિપ દડુભાઈ ચાંદુએ લોખંડના સળીયા વડે મારમારતા નીચે પડી ગયેલ જે ફોરવ્હીલમાં વિજપભાઈના ઘરની સામે રહેતાં બન્ને આરોપીઓએ પકડી રિક્ષાથી દુર લઈ જઈ બે અજાણ્યા વ્યકિત સહિત ૪ એ લોખંડના સળીયા વડે આડેધડ મારમારેલ જેમાં જમણા પગના તથા ડાબા પગના નળાના ભાગે તથા ડાબા હાથની કોણી ઉપર અને માથામાં ડાબા કપાળ ઉપર ઈજા કરી જમણા પગના નળાના ભાગે ફેકચર કરી ગુનો કર્યાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### મેટોડા પાસે વાહન અકસ્માતે માતા-પુત્રના મોત એક ગંભીર : કાર મુકી ચાલક નાસી ગયો

# જિલ્લામાં તા. ૩૦ મે સુધી સભા સરઘસ અને હથિયારબંધી

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી દ્વારા જાહેરનામુ બહાર પડયું

અમરેલી, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે અમરેલી જિલ્લામાં તા.૩૦ મે, ૨૦૨૪ સુધી અમલી રહેશે. જિલ્લામાં સભા-સરઘસ હથિયારબંધી, છટાદાર ભાષણ આપવા અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. આ ઉપરાંત જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી-કર્મચારીને કે શારીરિક અશક્ત વ્યક્તિઓને આ હુકમ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૧૩૧ અને કલમ-૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે.

# લુણીધારની સગીરાને ખેડા જિલ્લાનો શખ્સ ભગાડી જતાં પિતાએ સત્યાગ્રહમાં બેસવાની અરજી કરી

## પોતાની દિકરીનો કબ્જો શોંપવા સગીરાના પિતાએ સત્યાગ્રહ પર બેસવા કલેકટરને અરજી પાઠવી

અમરેલી, લુણીધાર ગામની સગીરાને ખેડા જીલ્લાના સોનપુરી ગામનો અશ્વિન માચ્છી લલચાવી ફોસલાવી ઉઠાવી ગયાની વડીયા પોલીસ મથકમાં સગીરાના પિતાએ ફરિયાદ નોંધાવેલ જેને દોઢ મહિનો પુરો થવા છતાં સામા વાળાની ધરપકડ કરવામાં આવેલ નથી. સામા વાળા આર્થિક સુખી સંપન્ન અને રાજકીય વગ ધરાવે છે. જેથી આજ દિન સુધી કોલ ડિટેઈલ કઢાવી નકકર તપાસ કરવામાં આવતી નથી. જેથી દિકરીનો કબ્જો મને સોંપવામાં નહીં આવે તો તા.૨૪-પથી કલેકટર કચેરી સામે સત્યાગ્રહ ઉપર ઉતરવા સગીરાના પિતાએ કલેકટરને અરજી પાઠવી ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે.

# બગસરામાં નગરપાલિકાના સફાઈ કર્મીઓએ રેલી કાઢી સુત્રોચાર કર્યા

## પાલિકા આજે સફાઈ કર્મચારીઓના પગાર કરશે : એ.વી. રિબડીય



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)

બગસરા નગર પાલિકાના કર્મચારીઓના પાંચ પાંચ મહિનાઓથી પાલિકા દ્વારા કોઈ કર્મચારીઓના પગાર કરવામા નહીં આવતા અને અનેક વખત પાલિકાને સફાઈ કર્મચારીઓ ઘેરાવ કરતા હોવા છતાં કોઈ ઘટતું કરવામાં નહીં આવેલ ત્યારે આજરોજ બગસરા પાલિકાના સફાઈ કર્મચારીઓ રેલીયોજી પાલિકા વિરુદ્ધના સૂત્રચારો પોકાર્ય હતા અને પાલિકાને ઘેરાવ કરેલ ત્યારે બગસરા પાલિકાના પ્રતિનિધિ એ.વી.રિબડીયાએ સફાઈ કર્મચારીઓ સાથે વાતચિત કરતા જણાવેલ કે પગારની ગ્રાન્ટ આવી ગયેલ છે પણ હજુ સુધી ખાતામાં જમા નહીં થયેલ ત્યારે સફાઈ કર્મચારીઓ એકના બે નહીં થયેલ અમારે કાંઈ સાંભળું નથી અમારે અમારો પગાર આપો ત્યારે એ.વી રિબડીયાએ વચલો રસ્તો શોધી કાઢીને કહેલ કે પાલિકાના તમામ સફાઈ કર્મચારીઓને ત્રણ પગાર આજે ચૂકવી આપશુ તેવું જણાવેલ હતુ.

### બાડમેરથી કચ્છ સુધી ૪૯૦ કિ.મી. લાંબો વોટર-વે બનાવાશે : રાજસ્થાન સરકારે કમિટીની રચના કરી

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૪૦ થી ૧૪૮૮ મગફળી ૯૭૫ થી ૧૨૩૬

*અમરેલી માર્કેટ યાર્ડ*
શિંગમઠડી-૯૭૫-૧૨૩૬
શિંગમોટી-૯૭૫-૧૨૩૬
ધાણી-૧૦૦૦-૧૭૩૫
તલસફેદ-૧૫૫૬-૩૦૮૯
તલકાળા-૨૯૦૦-૩૨૭૨
એરંડા-૧૦૦૦-૧૦૭૦
ઘઉંટુકડા-૪૪૩-૬૩૯
ઘઉંલોકવન-૪૬૬-૫૯૨
મરચાલાંબા-૭૯૦-૨૨૬૦
ચણા-૯૦૦-૧૨૭૯
કપાસ-૯૪૦-૧૪૮૮
રાયડો-૯૩૧-૯૫૫
જીરૂ-૧૮૦૦-૧૪૫૬
ધાણા-૧૧૩૦-૧૪૯૦
સોયાબીન-૮૦૦-૮૬૧
મગ-૧૬૮૨-૧૮૩૭
રાયડો-૯૩૧-૯૫૫

*અમરેલી શાકભાજી*
બટેટા-૪૩૦-૪૭૦
રીંગણા-૪૧૦-૫૧૦
ફ્લાવર-૪૦૦-૪૫૦
કોબીઝ-૨૧૦-૨૫૦
ટમેટાં-૨૫૦-૩૦૦
વટાણા-૧૬૨૦-૧૮૨૦
ગાજર-૨૨૦-૨૭૦
ગલકા-૨૦૦-૩૦૦
કાકડી-૨૦૦-૩૦૦
ગુવાર-૪૧૦-૫૧૦
દુધી-૧૫૦-૨૦૦
તુરીયા-૪૦૦-૫૦૦
ભીંડો-૩૩૦-૪૩૦
આદુ-૨૪૨૦-૨૬૨૦
કોથમીર-૩૨૦-૪૨૦
મેથીભાજી-૬૦૦-૭૦૦
ટીંડોરા-૩૫૦-૪૫૦
લીમડોમીઠો-૧૧૦-૧૫૦
મરચાલીલા-૨૦૦-૬૦૦
લસણસુકું-
લીંબુ-૧૦૧૦-૧૨૧૦
પાલક-૪૦૦-૫૦૦

*રાજુલાયાર્ડ*
બાજરો-૪૦૦-૫૦૦
જુવાર-૪૫૦-૮૭૦
ઘઉં-૪૨૫-૬૦૦
મેથી-૯૫૦-૯૫૦
ચણા-૯૨૫-૧૨૫૧
મકાઈ-૪૭૦-૪૭૦
શીંગદાણા-૧૪૨૬-૧૪૨૬
શીંગ-૧૧૩૪-૧૧૭૫
કપાસ-૧૨૫૦-૧૪૫૮
મગ-૧૭૫૦-૧૯૦૦
તલસફેદ-૨૬૮૧-૨૮૦૧

મહુવાયાર્ડ
ઘઉં-૪૨૧-૭૧૧
ડુંગળીલાલ-૧૫૦-૩૩૭
ડુંગળીસફદે-૨૩૧-૩૦૨
તલસફેદ-૨૩૦૧-૨૮૪૯
તુવેર-૧૯૧૫-૧૯૧૫
જીરૂ-૪૪૪૫-૫૪૭૦
ચણા-૧૧૫૧-૧૨૪૭
નાળીયેર-૩૯૦-૧૮૧૦
મેથી-૮૫૦-૯૨૪
કપાસ-૫૦૧-૧૪૪૦
મગ-૧૧૫૭-૧૮૫૧

બાબરા
કપાસ-૧૨૦૪-૧૪૫૬
મગ-૧૪૯૦-૧૯૦૦
ચણા-૧૧૩૪-૧૨૪૬
ઘઉં-૪૮૬-૫૪૪
એરંડા-૯૭૫-૯૯૫
જીરૂ-૩૭૪૦-૫૭૦૦
મગફળી-૧૧૨૫-૧૧૪૫
તલ-૨૩૬૫-૨૮૨૫

ધારી
કપાસ-૧૨૧૦-૧૪૦૦
તલસફેદ-૨૬૭૫-૨૬૭૫
શીંગફાડા-૧૪૨૫-૧૪૪૫
મગ-૧૮૩૦-૧૮૩૦
ચણા-૯૭૫-૧૨૨૫
ઘઉં-૫૧૭-૫૧૭
તુવેર-૨૦૩૦-૨૦૩૦
જીરૂ-૧૬૦૦-૪૦૦૦
ધાણા-૧૩૦૧-૧૩૫૧

*સાવરકુંડલા માર્કેટયાર્ડ*
શીંગમોટી-૧૧૫૧-૧૨૩૧
તલસફેદ-૨૬૦૦-૨૮૨૧
જીરૂ-૪૫૦૦-૫૭૫૦
તુવેર-૧૮૦૦-૧૯૫૦
કપાસ-૧૩૦૦-૧૪૭૬
ઘઉં-૪૫૦-૫૮૦
એરંડી-૯૭૬-૧૦૭૫
મગ-૧૭૦૦-૨૦૧૪
ચણા-૧૧૦૦-૧૨૫૧
રાય-૯૭૩-૧૦૯૦
જુવાર-૪૦૦-૮૧૧

ખાંભા
કપાસ-૧૨૬૦-૧૪૮૦
વટાણા-૭૮૫-૭૮૫
ધાણા-૮૨૬-૧૦૦૦
એરંડા-૧૦૬૧-૧૦૬૧
બાજરો-૪૭૧-૪૭૧
મકાઈ-૪૫૧-૪૫૧
જુવારસફેદ-૭૦૦-૭૦૦
મગફળી-૯૦૦-૯૦૦

બગસરા
કપાસ-૧૧૦૦-૧૩૩૫
મગફળી-૧૧૫૦-૧૧૮૦

તલસફેદ-૨૬૫૭-૨૬૫૭
ઘઉંલોકવન-૪૪૩-૫૪૦
ઘઉંટુકડા-૪૧૨-૫૧૫
રાય-૯૦૫-૧૦૧૫
ચણા-૧૪૦૦-૧૪૦૦
ધાણી-૧૪૪૨-૧૪૬૫
મેથી-૯૦૦-૯૩૦
સોયાબીન-૭૯૯-૮૬૧
જુવાર-૬૧૦-૬૧૦

*અમરેલીફ્રુટમાર્કેટભાવ*
ચીકુ-૩૦૦-૫૫૦
દાડમ-૧૪૦૦-૨૦૦૦
મુસંબી-૬૦૦-૧૦૦૦
સંતરા-૧૬૦૦-૨૨૦૦
કીવી-૩૫૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૫૦૦
કેરી-૧૨૦૦-૨૫૦૦
ટેટી-૨૦૦-૪૨૦
કેળા-૪૦૦-૫૦૦
પોપૈયા-૪૦૦-૬૫૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૫૦૦-૩૬૦૦
અનાનસ-૧૪૦૦-૧૮૦૦

લીલીયા
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

મહ ।મ તાપમાન ૪૧.૨
ન્યુનતમ તાપમાન ૨૭.૬
ભેજનું પ્રમાણ ૬૯
પવનની ગતિ સરેરાશ-.૭.૬

## સાવરકુંડલા લીલીયાના ધારાસભ્યશ્રી મહેશ કસવાલાએ ખેડૂત હિતમાં પત્ર પાઠવ્યો

# નેનો યુરીયા અને નેનો DAP અંગે કૃષિ તજજ્ઞો દ્વારા સેમિનાર યોજવાની માંગ કરતા શ્રી કસવાલા

### કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલને રાસાયણિક ખાતર DAP સાથે અન્ય ખાતર ન આપવાની લાગણી વ્યક્ત કરતા શ્રી કસવાલા



સાવરકુંડલા,રાસાયણીક ખાતર ડીએપી ની સાથે અન્ય ખાતર ન આપવા બાબતે સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવીને રજુઆત કરી છે જેમાં ખેડૂતોને પડતી અગવડતા માટે સેમીનાર યોજીને કૃષિ લક્ષીફાયદાઓસમજાવવા માટે કૃષિમંત્રી ને પત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે જેમાં ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું છે કે, સાવરકુંડલા લીલીયા તાલુકાના ખેડૂતો દ્વારા ધારાસભ્યશ્રીને મળેલ રજુઆતો અનુસાર આગામી ચોમાસાની સિઝન દરમ્યાન ખેડૂતો દ્વારા રાસાયણીક ડી.એ.પી ખાતરની ખુબજ મોટાપ્રમાણમાં માંગ રહે છે તેથી, હાલમાં ખેડૂતો દ્વારા ખરીદ કરવામાં આવતા ડી.એ.પી ખાતરની સાથો-સાથ અન્ય રાસાયણીક ખાતર ફરજીયાત લેવાનું જણાવવામાં આવે છે જેના કારણે ખેડૂતોમાં નારાજગી જોવા મળેલ છે તેથી જયારે ડી.એ.પી ખાતર ખરીદ કરે તેની સાથેઅન્યખાતરોનઆપવાનુંનમ્રસુચન ધારાસભ્ય કસવાલાએ કર્યુંછે સાથેસાથે નેનોયુરીયા, નેનો ડી.એ.પીખાતર કંપની દ્વારા માર્કેટમાં મુકવામાં આવેલ છે આ ખાતરના ઉપયોગ અને ફાયદાથી ખેડૂતો અજાણ હોવાના કારણે ખરીદતા નથી તેથી, આ નેનો ડી.એ.પી, નેનો યુરીયાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે કૃષી તજજ્ઞો અને કંપની નિષ્ણાંતો દ્વારા ખેડૂતોની વચ્ચે જઈ આ ખાતરથી થતા લાભો અંગે સેમિનાર યોજી માર્ગદર્શન આપવુ જોઈએ તેથી, ખેડૂતોને વધુમાં વધુ ફાયદો થાય અને આર્થીક લાભ મળે તેવા પ્રયત્નો કરવા જરૂરી જણાય છે. તો આ બાબતનું સુચન ધ્યાને લઈ તેની અમલવારી કરાવવા ધારાસભ્ય મહેશ કસવાલાએ વિનંતી સાથેનો પત્ર કૃષિમંત્રી રાઘવજી ભાઈ પટેલ ને પાઠવ્યો છે.

**કુંડલા-લીલીયા તાલુકાના ખેડૂતો દ્વારા ધારાસભ્યશ્રી કસવાલાને રજુઆતો મળતા તેમના દ્વારા લાગણી વ્યક્ત કરાઇ**

## અમરેલીમાં પૂ.ગુરુદેવશ્રી રવિશંકરજીનો જન્મદિન ઉજવાયો



અમરેલી,

આર્ટ ઓફ લીવિંગ - પરીવાર અમરેલી દ્વારા વેકેશન દરમ્યાન આખુ વિશ્વ જેને ગુરૂ ઓફ જોય અને વાઈઝ મેન ઓફ ધ વર્લ્ડ કહે છે એવા પુજય ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકરનાં જન્મદીન ઉજવાયો હતો. એફટીસી હોલ અમરેલી ખાતે ભવ્ય થયેલ જેના ભાગરૂપે ગ્લોબલપાન ઈન્ડિયા હેપીનેસ પ્રોગ્રામનું તારીખ ૮ થી ૧૨ સુધી સવાર અને સાંજ શિબિર ભવ્ય આયોજન થયેલ જેમાં બહોળી સંખ્યામાં ભાગ લીધો અને એક આનંદ પ્રેમ ખુશી સંતોષ સાથે અનુભૂતિ કરેલ, જેને સફળ બનાવવા પૂરી ટીમએ જહેમત ઉઠાવેલ.બપોર બાદ રાજકમલ ચોક ખાતે શરબત સેવાના પ્રોજેક્ટમાં કુદરતી વાતાવરણ વચ્ચે ચાલુ વરસાદે દુકાને ફરી અને લોકોને શરબત નું વિતરણ કરેલ. સાંજે ૭:૦૦ થી ૮:૩૦ સુધી મહિલા વિકાસ ગૃહ કેરિયા રોડ, અમરેલી ખાતે બાળકો પરિવારને ભાવતું ભોજન ની સેવા કરેલ તેમ જણાવ્યું છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### ઇન્ટરનેશનલ મ્યુઝીમ ડે નિમિતે

## જુનાગઢના મ્યુઝીયમમાં એક ટિકીટ ઉપર એક ટિકીટ ફ્રી

**લોકોએ સંગ્રહાલયનો લાભ લેવા અનુરોધ કરાયો**

જુનાગઢ,(હિતેષ પારેખ)૧૬/૦૫/ ૨૦૨૪ ઈન્ટરનેશનલ મ્યુઝીયમ દિવસ પર ૧ ટિકિટ ઉપર ૧ ટિકિટ ફ્રી આપણી ઓળખ એ આપણા સમાજ, સંસ્કૃતિ અને આપણા વારસા પ્રમાણે થતી હોય છે. જેનું આપણે ગૌરવ અનુભવતાં હોઈએ છીએ. આ ગૌરવને સાચવી રાખવા અને તેને પ્રોત્સાહિત કરવા તેમજ તેને અનુરૂપ ચીજ-વસ્તુઓનું સંરક્ષણ કરવા માટે સંગ્રહાલય પણ બને છે. અલગ-અલગ થીમ ઉપર આધારીત દેશ-દુનિયામાં અનેક સંગ્રહાલયો આવેલા છે. આ સંગ્રહાલયો સુધી લોકો પહોંચી શકે તે માટે આયોજન થયું છે.

## વંથલીના રવની ગામની સીમમાં ડબલ મર્ડરના ગુનામાં આરોપીઓને ક્રાઇમ બ્રાંચે ઝડપી લીધા

જુનાગઢ,(હિતેષ પારેખ)જુનાગઢ જિલ્લા વંથલી વિસ્તારના રવની ગામના સીમમાં ડબલ મર્ડરના ગુનામાં સંડોવાયેલ આરોપી રવની ગામના રહીમ ઉર્ફે ખુરી ઈસાભાઈ શાંધ તથા હુસેન અલ્લારખાભાઈ સાંધ, ઈમત્યાઝ ઉર્ફે પોલો ઈસાભાઈ સાંધ રહે. જાપોદડ હનીફ ઉર્ફે હનો ઈસ્માઈલભાઈ સાંધ, હબીબ ઈબ્રાહીમભાઈ સાંધ, ઈસ્માઈલ ઈબ્રાહીમભાઈ સાંધને ક્રાઈમ બ્રાંચના પીઆઈ જે. જે. પટેલ, પીએસઆઈ ડી.કે. ઝાલા અને પોલીસ સ્ટાફે ઝડપી પાડયા હતાં.

### ગદ્ય સાહિત્ય સભા અને સંવાદ અમરેલી દ્વારા

# અમરેલીમાં કવિશ્રી રમેશ પારેખ સંસ્મરણ પર્વ-૨૪ અંતર્ગત સોનપરી આવે છાનકડી કાર્યક્રમ યોજાશે

### અમરેલીમાં કવિશ્રી રમેશ પારેખની પુણ્યતિથી નિમિતે વિશેષ સ્મરણાંજલી

અમરેલી,

અમરેલીમાં ગદ્યસાહિત્ય સભા અને સંવાદ અમરેલી દ્વારા કિવશ્રી રમેશ પારેખ સંમરણ પર્વ ૨૦૨૪ અંતર્ગત કવિશ્રી રમેશ પારેખની પુણ્યતિથી નિમિતે વિશેષ સ્માંરાજલી કાર્યક્રમતા.૧૯-૫-૨૪નેરવિવારેસવારે ૮-૩૦કલાકથીશ્રીનવલકાંતજોષિસ્મૃતિ મંદિર ગણેશ સોસાયટી અમરેલી ખાતે સોનપરી આવે છનકડી કાર્યક્રમ યોજાશે. જેમાં કવિશ્રી હર્ષદ ચંદારાણા, સ્વાતીબેન જોષી, વાસુદેવભાઈ સોઢા, પરેશ મહેતા અને કવિઓ લેખકોની ઉપસ્થિતિમાં બાલ ગીતાઓ અને અભિનય સાથે પ્રસ્તુતિ પપેટ શો, ટોની વાંદરા કરતબ, શબ્દ સમારોહ શાયરી મારી, જાદુઈ ખેલ, બાળક નાટકો, ઉખાણાની રમત, બાલગીતોનુંરિમિકસ નવી સ્ટાઈલમાં રજુ થશે. સંકલન વાસુદેવ સોઢા અને પરેશ મહેતા કરશે.

## બગસરામાં સહકારી મંડળી શાખા ધારીમાં વારસાદારને બાજપાઇ સહાય ચુકવાઇ



અમરેલી,બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ધારી શાખાના સભાસદ બતુલબેન સૈફુદીનભાઈ ત્રવાડીનું આકસ્મિક અવસાન થતાં તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂા.૨૫૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવેલ. આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી.શ્રી નિતેષભાઈ ડોડીયા, શાખા એમ.ડી.શ્રી કેતનભાઈ ધકાણ, ડિરેકટરશ્રી વિનુભાઈ પટોળીયા, એડવાઈઝરી બોર્ડ મેમ્બરશ્રી ભરતભાઈ આમલસેડા, નિલેશભાઈ ઘેલાણી ઉપસ્થિત રહેલ તેમ શાખા સેક્રેટરી વિજય ચાવડાની યાદીમાં જણાવેલ છે.

## દેશમાં સંપુર્ણ સુવિધા ધરાવતી સરકારી શાળા કોલેજો નિયમિત રીતે વધુમાં વધુ ખોલવા માંગ

**નેશનલ યુથ પ્રોજેક્ટ રાજકોટ યુનિટની રજુઆત**

રાજકોટ,નેશનલ યુથ પ્રોજેક્ટ રાજકોટ યુનિટના પ્રમુખ રાજેશ જે ભાતેલીયાએ સમગ્ર દેશમાં સંપૂર્ણ સુવિધા ધરાવતી સરકારી શાળા, કોલેજ નિયમિત રીતે વધુમાં વધુ ખુલવી જોઈએ જેથી કરીને શિક્ષણ સસ્તું જીવનમાં ઉપયોગી બને તેવું મળતું રહે.તેમજ સરકારી શાળા કોલેજોનો પ્રચાર પ્રસાર સતત થવો જોઈએ જે સરકારી શાળા, કોલેજો સારું શિક્ષણ આપતી હોય તેના ટીચર, ઓફ પ્રોફેસર અને સ્ટાફનું સન્માન પણ નિયમિત રીતે થવું જોઈએ. વિશ્વના તમામ દેશોના વિદ્યાર્થીઓ આપણા દેશમાં શિક્ષણ લેવા આવતા થાય તે પ્રકારનું શિક્ષણ સમગ્ર દેશમાં ઉપલબ્ધ બને તે ખૂબ જરૂરી છે વહીવટીખર્ચઘટાડવાતમામશાળાકોલેજો ઉપર સોલાર રૂફટોપ લગાડવા જોઈએ. સમગ્ર વિશ્વમાં તમામ પ્રકારનું શિક્ષણ ખૂબ જ સસ્તું, જીવનમાં ઉપયોગી બને તેવું અને વિદ્યાર્થીને સર્વગુણ સંપન્ન બનાવે તેવું અપાય તે જરૂરી છે .સમગ્ર વિશ્વમાં તમામ પ્રકારના શિક્ષણમાં માનવતા, સાદગી ,સારા સંસ્કાર, નિસ્વાર્થ સેવા, યોગ , ધ્યાન અને સારું વાંચન અને લેખનને મહત્વ મળે તે ઈચ્છનીય છે.સાથે તમામ જાતના વ્યસનથી થતા નુકસાન અંગે પણ વિદ્યાર્થીઓને સમગ્ર વિશ્વ વાકેફ કરતું રહે.સાથે સમગ્ર વિશ્વમાં વિદ્યાર્થીઓની હોસ્ટેલમાં સવાર અને સાંજ લીલોતરી શાક વાળું ભોજન એટલે કે આરોગ્યપ્રદ ભોજન અને આરોગ્યપ્રદ નાસ્તો અપાતો રહે તે પણ જરૂરી છે. જ્યાં જગ્યા હોય ત્યાં ઓર્ગેનિક રીતે શાકભાજી ,અનાજ અને ફળ ઉગાડી અને તેનો ઉપયોગ હોસ્ટેલમાં થવો જોઈએ.

# વાવાઝોડાથી નુકશાન થતાં ખેડૂતોને સહાય આપવા મુખ્યમંત્રીને રજુઆત

### જિલ્લામાં તત્કાલ સર્વે કરાવવા જન સેવા સમિતિની માંગણી



ખાંભા,

ખાંભા તાલુકા સહિત સમગ્ર વિસ્તાર માં કમોસમી વરસાદ અને વાવાઝોડા થી ખેડૂતો ને થયેલ નુકશાન નો તાત્કાલિક સર્વે કરી ખેડૂતો ને સંતોષ કારક વળતર આપવા જનસેવા સમિતિ ખાંભા તાલુકાના રાજુભાઈ નસીત દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે. ખાંભા તાલુકામાં થયેલ વાવાઝોડા સાથે વરસાદ થી ખેડૂતો ને ઉનાળા પાક માં ઘણું નુકસાન થયેલ છે...તલ. મગ. કેરી. બધો જ પાક ફેલ થયેલ છે. ખેડૂતો ને બહુજ વ્યાપક પ્રમાણ માં નુકશાની ભોગવવી પડી રહી છે તો.સરકારશ્રી ને નમ્ર અપીલ કરીએ છે કે વરસાદથી થયેલ નુકશાન નું તાત્કાલિક સર્વે કરવા માં આવે અને. જગત ના તાત ને સરકાર તરફથી વળતર આપવા માં આવે એવી અપીલ કારનાર ઉમરીયા ગામ ના જાગૃત નાગરિક અને જન સેવા સમિતિ ના પ્રમુખ રાજુ ભાઈ નસીત દ્વારા માંગણી કરવા માં આવી છે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઈ ને છે કે ખેડૂતો ની વારે આવી ને તાત્કાલિક સર્વે કરાવે તેમ જન સેવા સમિતિ પ્રમુખ શ્રી ખાંભાતાલુકા રાજૂભાઈ નસિત ગામ ઉમરિયાવાળાએ જણાવ્યું છે.

## અમરેલીમાં આહિર સમાજ રાધેશ્યામ સેવા ટ્રસ્ટ દ્વારા પરિચય મેળો યોજાશે

અમરેલી,અમરેલી આહિર સમાજ રાધેશ્યામ સેવા ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં રહેતા ઉચ્ચ અભ્યાસ કરતા સમાજના લગ્નોત્સુક યુવક અને યુવતિઓનો વૈવિશાળ પરિચય સમારંભ જુલાઈ ૨૦૨૪માં આયોજન કરેલ છે. જેમાં ઉચ્ચ અભ્યાસ, નોકરી, સરકારી, ધંધાર્થી યુવક ભાગ લઈ શકશે. યુવતિમાં અભ્યાસ ધ્યાનમાં લેવામાં આવશે નહી. આ મેળામાં ભાગ લેવા માંગતા લોકોએ ટ્રસ્ટના પ્રમુખ રતનબને આર. બલદાણીયા, જુના માર્કેટયાર્ડ અમરેલી દુ.નં. સી/એફ ૧૯ મો. ૯૨૬૫૦ ૪૫૨૦૦નો સંપર્ક સાધવા જણાવ્યું છે.

### અખીલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા

## ગુજરીયા શ્રી જોરૂભાઇ ખુમાણનાં દરબારગઢમાં બેઠક મળી

**સમાજના સંગઠન બાબતે બેઠકમાં ચર્ચા વિચારણા કરાઇ**



શેલણા,(કાળુભાઈ લુણસર)ગત તારીખ ૧૬/૦૫/૨૦૨૪ ના ગુજરિયા જોરુભાઈ ખુમાણના દરબારગઢ ખાતે સમાજ સંગઠનના પ્રમુખશ્રી તેમજ સમાજના વિવિધ બુદ્ધિજીવી વડીલો તેમજ યુવાઓની હાજરીમાં મળવાનું થયું..આપ સૌ સમાજના યુવાનો તેમજ વડીલોને જણાવવાનું કે તાજેતરમાં લોકસભા ચૂંટણી અન્વયે રાજકોટ બેઠકના ઉમેદવાર બાબતે જે કાઈ અસમંજસ, ક્ષત્રીય આંદોલન તેમજ કાઠી સમાજની રાજકોટ ખાતે પ્રધાનમંત્રી શ્રી ના સમર્થનમાં થયેલ સમાજના આગેવાનોની પ્રેસ કોન્ફરન્સ બાદ કાઠી સમાજના પ્રતાપભાઈ ખુમાણ સાવર કુંડલા દ્વારા રાજકોટ ગરાસિયા બોર્ડિંગ ખાતે જે પ્રેસ કોન્ફરન્સ થઈ તેમજ જૂનાગઢ ખાતે જે પ્રેસ કોન્ફરન્સ થયેલ તેમાં પ્રતાપભાઈ ખુમાણ દ્વારા જે સ્પીચ આપવામાં આવેલ તે સ્પિચમાં કાઠી સમાજને તેમજ સમાજના આગેવાનોને દુખ પહોંચે તેવું નિવેદન અપાયેલ..આ બાબતને ધ્યાનમાં લઈ હાલ પ્રતાપભાઈ ખુમાંણ દ્વારા પોતે જે તે સમયે ર્બહકચચિહબી તેમજ અસ્મિતા સંમેલનમાં આવેશમાં આવી તેમજ ગફલતમાં પોતે કાઠી સમાજના આગેવાનો બાબતે ભૂલથી કંઈ પણ દુઃખદ વાક્ય બોલેલ હોય જે બાબતનું હાલ પ્રાયશ્ચિત થતા ગુજરિયા મુકામે સમાજના પ્રમુખ શ્રી તેમજ સામાજિક આગેવાનોની હાજરીમાં દિલગીરી વ્યક્ત કરેલ તેમજ અજાણતા થયેલ ભૂલ બદલ ખેદ વ્યક્ત કરેલ.આજની તારીખે પ્રતાપભાઈ ખુમાણ તેમજ પ્રમુખ શ્રી અને સમાજના આગેવાનો સૌ એક સાથે સમાજની એકતા તેમજ સામાજિક વિકાસ માટે હંમેશા એક રહ્યા છીએ તેમજ ભવિષ્યમાં હંમેશા સાથે રહીશું તેવી ખાતરી આપી સૌ સમાજની પ્રગતિ માટે સતત ચિંતિત રહીશું તેવી નેમ સાથે આજની મિટિંગમાં સુખદ નિવારણ લાવવામાં આવ્યું...આ બાબતે એક વાક્ય યાદ આવે કે સવારનો ભૂલ્યો સાંજે ઘેર પાછો આવે તો તેને ભૂલ્યો ના કહેવાય તે ઉકિતને આજની મિટિંગમાં અનુભૂતિ થયેલી જણાઈ આવે છે. અખીલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ પ્રવક્તા ગજેન્દ્ર ભાઈ શેખવાએ જણાવ્યું છે.

## સુરતમાં પૈસાની લેવડ-દેવડના વિવાદમાં મિત્રની હત્યા

સુરત,સુરતના પૂના પોલીસ સ્ટેશન વિસ્તારમાં અયોધ્યા ટેક્સટાઈલ અને કોહિનૂર ટેક્સટાઈલ માર્કેટ નજીકથી પોલીસને ધાબળામાં વીંટાળેલી લાશ મળી આવી હતી. પોલીસે તેને કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તપાસ માટે, પોલીસે નજીકમાં લગાવેલા સીસીટીવી કેમેરાને સ્કેન કર્યા અને મૃતકની ઓળખ ઈમરાન કુરેશી તરીકે કરી. પ્રાથમિક તપાસમાં માથાના ભાગે ઘા મારીને હત્યા કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

## ચારધામની યાત્રામાં ૧૧ના મોત

નવી દિલ્હી,

દેશની પ્રસિદ્ધ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી - એમ ચારધામ યાત્રાને શરુ થયાને હજુ પાંચ દિવસ જ થયા છે. પરંતુ કેદારનાથના કપાટ ખુલવાની સાથે જ શ્રદ્ધાળુઓની સંખ્યા અચાનક વધી ગઈ છે. એટલું જ નહીં, હમણાં સુધી ચારધામ યાત્રા માટે ગયેલા ૧૧ લોકોના મોત નીપજ્યાછે.વહીવટીતંત્રેભારેભીડને ધ્યાન રાખીને ચારધામ યાત્રા માટે ઓફલાઈન રજિસ્ટ્રેશન બે દિવસ માટે બંધ કરી દીધુંછે.૧૫ મેને બુધવારે રજિસ્ટ્રેશન બંધ રહ્યું અને ૧૬ મેએ ઓફલાઈન રજિસ્ટ્રેશ થશે નહીં.

## ધારીમાં સગર્ભા માતા ચેક-અપ કેમ્પ યોજાયો



ધારી,મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.આર.એમ.જોષી, આરસી.એચ.ઓ. ડો. અલ્પેશ સાલવી, ડો.આર.કે.જાટ, ડો. સિંગ, ધારી તાલુકા હેલ્થ ઓફિસર ડો. ડી.સી. મકવાણા ના માર્ગદર્શન અન્વયે ધારી તાલુકા આર.બી.એસ.કે. ટીમના મેડિકલ ઓફિસર ડો.વરૂણ દેવમુરારી, ડો.ફેની ચંદારાણા, ભાડેર પી.એચ.સી. મેડિકલ ઓફિસર ડો.નિરજ નિમાવત, ડો.એન.આર.ધડૂક, ટી.એચ.વી. જસુબેન કંટારીયા, ફિમેલ હેલ્થ વર્કર ઉષાબેન જોશી, શોભનાબેન આમલશેડા, આશા વર્કર તેમજ આશા ફેસિલિટર ની હાજરી માં ધારી ખાતે નવી વસાહત માંએ.એન.સી. તપાસ કેમ્પ નું આયોજન કરવામાં આવેલ. જેમાં એ વિસ્તાર ની કુલ ૧૬ જે પૈકી ૧૦ હાઈ રિસ્ક એ.એન.સી. ની હિમોગ્લોબીન તપાસ, યુરિન આલ્બયુમીન અને સુગર ટેસ્ટ, બ્લડ સુગર ટેસ્ટ, બી.એમ.આઈ., બ્લડ પ્રેશર તપાસ કરવામાં આવેલ.જેમાં એક એ.એન.સી. ને તપાસ દરમિયાન હાઈ બ્લડ પ્રેશર ની તકલીફ જણાતા તેઓને તાત્કાલિક સી.એચ.સી. ધારી અને ત્યાં થી વધુ સારવાર માટે ડિસ્ટ્રીકટ હોસ્પિટલ અમરેલી ખાતે રીફર કરવામાં આવેલ. આ સાથે તમામ એ.એન.સી. ને નિયમિત તપાસ કરાવવા અને આરોગ્ય લક્ષી પોષણ સંદર્ભે માહિતગાર કરવામાં આવેલ.

## રાજકોટમાં હિટ એન્ડ રન : બે મોત

રાજકોટ,રાજકોટના મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં ફરી એક વાર હચમચાવીનાખનાર અકસ્માત થયો છે જેમાં, રોડ ક્રોસ કરી રહેલા ૩ લોકોને કારે અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં એક બાળકનું ઘટનાં સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે તે માસૂમ બાળકની માતાનું સારવાર દરમ્યાન મોત થયું હતું. કાર ચાલક અકસ્માત કરી ફરાર થઈ ગયો હતો. મેટોડા પોલીસે ઘટનાં સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. તેમજ પોલીસ દ્વારા કારનાં નંબરનાં આધારે કાર ચાલકની શોધખોળ પણ તાત્કાલિક ધોરણે કરવામાં આવી રહી છે.

### જાયન્ટસ ગૃપ ઓફ કલોલ મેઇન દ્વારા

## અમરેલી જિલ્લાના આઠ શિક્ષકોનું ગુજરાત ગૌરવ સન્માન

**સ્વામિનારાયણ ગુરૂકુળ કલોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સન્માનિત કરાયાં**



અમરેલી,જાયન્ટ્સ ગ્રુપ ઓફ કલોલ મેઈન દ્વારા સ્વામિનારાયણ યુનિવર્સિટી-ગુરુકુળ, કલોલ જિ.ગાંધીનગરખાતેઅમરેલીજિલ્લાનાધવલકુમાર જનકરાય જોષી-શ્રી ગોઢાવદર પ્રાથમિક શાળા તા.લીલીયા. સંજયભાઈ મેરુભાઈ મકવાણા-શ્રી ચારોડીયા પ્રાથમિક શાળા તા.રાજુલા. જીગ્નેશભાઈ ચંદ્રકાંતભાઈ મકવાણા-શ્રી કડીયાળીપ્રાથમિકશાળાતા.રાજુલા.શૈલેષકુમાર ધીરુભાઈ સોલંકી-શ્રી મોટી બારમણ પ્રાથમિક શાળાતા.ખાંભા.ધર્મેન્દ્રભાઈ અર્જુનભાઈ કનાળા-માધ્યમિક શાળા તાતણીયા તા.ખાંભા. બળદેવભાઈ જીવાભાઈ ગોરવિયાળા-શ્રી હીરાણા પ્રાથમિક શાળા,તા.લાઠી સુરેશભાઈ ધનજીભાઈ નાગલા-શ્રી આસોદર પ્રાથમિક શાળા તા.લાઠી અખીલકુમાર રમેશભાઈ દવે-સણોસરા પ્રાથમિક શાળા,તા.અમરેલી આ બધા ઈનોવેટીવ ટીચરોનુ ગુજરાત ગૌરવ એવોર્ડ થી સન્માન કરવામાં આવ્યું હતું.

## ગીરસોમનાથમાં ૩૮૦ કટ્ટા ચોખા ઝડપાયા

જેતપુર,ગરીબોને આપવાનુ અનાજ બારોબાર વેચી મારવાનુ જાણે કાળા બજારીનું મોટુ કૌભાંડ ચાલી રહ્યુ હોય તે પ્રકારે અવારનવાર ગેરકાયદે રીતે અનાજનો જથ્થો ઝડપાઈ રહ્યો છે. ગીરસોમનાથમાંથી ફરી એકવાર અનાજની ગેરકાયદે હેરાફેરી સામે આવી છે. જેતપુર નેશનલ હાઈવે પરથી પ્રાચી તરફથી આવતા ટ્રકમાંથી શંકાસ્પદ ચોખાનો જથ્થો ઝડપાયો છે. જિલ્લા પૂરવઠા અધિકારીની ટીમે ૩૮૦ કટ્ટા મળીને ૧૯,૨૪૦ કિલોનો જથ્થો ઝડપી પાડ્યો છે. ચોખાના સેમ્પલ લેબ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે. આ ચોખા રેશનિંગના હોવાનુ પ્રાથમિક તારણ સામે આવ્યુ છે. હાલ વેરાવળ મામલતદાર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ અગાઉ પણ કોડિનારમાંથી પણ ગેરકાયદે અનાજ ઝડપાયુ હતુ. ગીરસોમનાથમાંથી અવારનવાર સરકારી અનાજ બારોબાર સગેવગે કરવાની હેરાફેરી સામે આવતી રહે છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## ચોમાસા પૂર્વેની આગોતરી તૈયારીઓ સંદર્ભે કલેક્ટર શ્રી અરોરાના અધ્યક્ષસ્થાને ભુજ ખાતે સમીક્ષા બેઠક યોજાઇ

ભુજ,ચોમાસા પૂર્વે (પ્રિ-મોન્સુન) તૈયારીઓના ભાગરૂપે કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ભુજ ખાતે પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત પૂર્વ આયોજન અને જરૂરી વ્યવસ્થાઓની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઉપસ્થિત સંબંધિત અધિકારીશ્રીઓને જિલ્લા કલેક્ટરશ્રીએ ચોમાસા દરમિયાન બચાવ, રાહત તથા કંટ્રોલરૂમ શરૂ કરવા, જરૂરી ટીમ તથા સંસાધનો સાથે સજ્જ બનવા, તથા કોઈપણ અઘટિત ઘટના ન બને તે માટે જયાં પણ જરૂરી હોય તે સ્થળે સર્વે કરીને અત્યારથી જ પ્રિવેંશનલ કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચોમાસા દરમિયાન કરવાની થતી કામગીરી અન્વયે જિલ્લા કક્ષાએથી નોડલ અધિકારીશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે. તાલુકા વહીવટીતંત્ર આ નોડલ અધિકારીશ્રીઓના માર્ગદર્શનમાં જરૂરી કામગીરીઓ હાથ ધરશે. જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાએ જણાવ્યું કહ્યુ કે, આગામી તા.૦૧ જૂનથી તમામ તાલુકા મથકે કંટ્રોલરુમ કાર્યરત કરી અને વરસાદ લક્ષી બાબતોની જરૂરી વિગતો જિલ્લા કક્ષાના કંટ્રોલ રૂમને સમયસર પૂરી પાડવા આયોજન કરવામાં આવે. તાલુકાકક્ષાએ ચોમાસા દરમિયાન આપત્તિ વ્યવસ્થાપન, સ્થળાંતર, પૂર અને વાવાઝોડાની સ્થિતિમાં કરવાની થતી કામગીરી માટે રાહત અને બચાવ, નુકસાનીનો સર્વે, વીજ પુરવઠો અને માર્ગોને પૂર્વવત કરવા માટે શક્ય હોય તેટલી વધુ ઝડપથી કામગીરી થાય તે જોવાનું રહેશે. માનવ અને પશુ મૃત્યુના કિસ્સામાં સહાય-વળતરની રકમ શક્ય હોય તેટલી વધુ ઝડપથી ચૂકવવામાં આવે તે અંગે કામગીરી કરવાની રહેશે. જિલ્લા કલેકટરશ્રીએ ઉમેર્યુ કે, દરેક તાલુકાકક્ષાએ સ્થાનિક તરવૈયાઓ, બુલડોઝર, ટ્રેકટર સહિતના વાહનો, ડ્રાઈવરના સંપર્ક નંબર સાથેની વિગતો અદ્યતન અને હાથવગી રાખવામાં આવે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## જુનાગઢમાં નરસિંહ મહેતા સરોવરની કામગીરી પુરી કરાવવા મુખ્યમંત્રીને રજુઆત

**ગોકળગાયની ગતિએ કામગીરી થતી હોવાની ધારાસભ્યશ્રી સંજયભાઇ કોરડીયા દ્વારા રજુઆત**

જુનાગઢ,જૂનાગઢના ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા ધ્વારા રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખેલ છે કે જૂનાગઢ શહેરમાં હાલ મહાનગરપાલિકા ધ્વારા ચાલી રહેલ શહેરની મધ્યમાં આવેલ નરસિંહ મહેતા સરોવરના નવીનીકરણની કામગીરી ગોકળગાયની ગતિ થી ચાલી રહી છે તેવું જણાવી ગત વર્ષે શહેરમાં આ કામગીરીમાં કોન્ટ્રાકટર અને અધિકારીઓની બેદરકારીને કારણે વરસાદના પાણી રહેણાંક વિસ્તારોમાં ઘુસ્યા હતા અને કુત્રિમ પુર હોનારતની પરિસ્થિતી ઉભી થયેલ જેને કારણે લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. ચાલુ વર્ષે આ બાબતનું પુનરાવર્તન ના થાય તે બાબતની તકેદારી/કે કોઈ પ્રિ-પ્લાનીંગ મહાનગરપાલિકા દ્વારા કે કોન્ટ્રાકટર ધ્વારા કરવામાં આવેલ નથી. જળસંગ્રહ એ પાણીની સમસ્યા હલ કરવા માટે ઝાંઝરડા રોડ જોષીપરા તેમજ આસપાસની સોસાયટીઓમાં મુખ્ય જરૂરત હોઈ જે બાબતને ધ્યાને લઈ આ કામગીરી મોનસુન પહેલા પુર્ણ થવી જોઈએ. હાલ કામની મુદત પણ પુર્ણ થયેલ છે પરંતુ કામ પુર્ણ થયેલ નથી. હવે ચોમાસાને દોઢ માસ જેવો સમય બાકી છે. હાલની કામની ધીમી ગતિ જોતા દોઢ માસમાં કામ પુરુ થાય તેવુ લાગતુ નથી. ફરીથી વરસાદ થશે એટલે ગત વર્ષની જેમ કૃત્રિમ હોનારત સર્જાશે ત્યાં રહેણાંક વિસ્તારમાં નાના માણસો રહે છે તેની આર્થિક પરિસ્થિતી સાવ સાધારણ છે . ફરીથી પાછુ ત્યાં દીવાલ નબળી હોવાના કારણે સર્જાનાર પરિસ્થિતી ની અસર આ લોકોને થશે એના જવાબદાર કોણ? આ બાબતે મહાનગપાલિકા અને કોન્ટ્રાકરનુ ધ્યાન દોરવા છતા આ બાબતની ગંભીરતા લેવામાં આવેલ નથી કોઈ એકશન લેવાયેલ નથી કે આવનાર સમય માટેનો પ્રિ-એકશન પ્લાન કરેલ હોય તેવુ લાગતુ નથી. જે ધ્યાને લઈ તાકીદે લોકહિતમાં આ કામગીરી ઝડપભેર પુર્ણ થાય તે માટે રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખીત પત્રથી જાણ કરી જૂનાગઢના ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાએ શહેરના પ્રથમ પ્રહરીની ભુમિકા ભજવી છે.

## વલસાડમાં સરકારી અનાજના કાળાબજાર

વલસાડ,વલસાડ જિલ્લા પોલીસની એસઓજીની ટીમ દ્વારા ગેરકાયદેસર, બિલ વગરનો અનાજ નો જથ્થો ઝડપ્યો હતો, પારડી તાલુકાના અરનાલા ખાતે એક શોપિંગ સેન્ટર મા ચાલતું સરકારી અનાજ નું કાળા બજારના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. એસઓજી પોલીસે રેડ કરીને બિલ વગરના અનાજ ના કુલ ૧૮૨ કોથળામા ૮૨૨૦ કિલો અનાજ જપ્ત કર્યું હતું, જેમાં ૩૧૪૦ કિલો ઘઉં, ૨૭૦૦ કિલો બાજરી , ૨૩૦૦ કિલો ચોખા અને ૮૦ કિલો ચણા જપ્ત કર્યા હતા. દુકાન માલિક કૃણાલ ગુર્જર ને વૉન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે અને તેની શોધખોળ પણ પોલીસ શરૂ કરી દીધી છે અને ત્યાં દુકાનમાંથી ૩ લોકો ની અટકાયત કરી કુલ ૧,૮૨,૩૨૦ રૂપિયા નો મુદ્દામાલ કબ્જે કરી પુરવઠા વિભાગ ને તપાસ સોંપી છે.

## ૪૧ દવાઓના ભાવ ઘટાડવા કેન્દ્રનો નિર્ણય

નવી દિલ્હી,

કેન્દ્ર સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના પગલે લોકોને ફાયદો થશે અને થોડી રાહત પણ મળશે. જી હાં સરકાર દ્વારા કેટલીક દવાઓની કિંમત ઘટાડવામાં આવી છે. ડાયાબિટીસ, હૃદય, લીવર, ઈન્ફેક્શન અને એલર્જીની દવાઓ સસ્તી થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે તેમની નવી કિંમતો નક્કી કરી છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ) એ તેની ૧૨૩મી બેઠકમાં ૪૧ દવાઓ અને સાત ફોર્મ્યુલેશનની કિંમતો ઘટાડવાનો નિર્ણય લીધો હતો. આ અંતર્ગત વિવિધ કંપનીઓની દવાઓની છૂટક કિંમતો નક્કી કરવામાં આવી હતી.

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૧૮-૦૫-૨૦૨૪ શનિવાર


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું...
(બાબરાવાળા) **આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


BAJAJ FINSERV
**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## દર વર્ષની માફક આ વર્ષે પણ પાટોત્સવ ભાવિકોની ઉપસ્થિતિમાં ઉજવાયો

# રાજુલામાં શંખેશ્વરી માતાજીનો પાટોત્સવ ઉજવાયો

**શ્રી શંખેશ્વરી માતાજીના ૩૫માં પાટોત્સવ નિમિતે હવન યજ્ઞમાં આહુતિ આપતા ભાવિકો : સાંજના મહાઆરતી મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા**

**યજ્ઞમાં લોકોએ બિડુ હોમ્યું : ટ્રસ્ટીઓના માર્ગદર્શન નીચે પાટોત્સવમાં વિશાળ સંખ્યામાં ભાવિકજનો જોડાયા : રાજુલા શહેરમાં અનેરૂ ધર્મમય વાતાવરણ સર્જાયું**




રાજુલા,

રાજુલા શહેરમાં આવેલ શંખેશ્વરી માતાજીના મંદિરે દર વર્ષની માફક આ વર્ષે પણ ૩૪ મો પાટોત્સવ ઉજવાયો આ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું પાટોત્સવના આગલે દિવસે ભવ્યથી ભવ્ય ડાયરા નું આયોજન કરવામાં આવેલું જેમાં નામાંકિતો કલાકારોએ ભાનુભાઈ વોરા તથા નાથુદાન ગઢવી તથા વિજયદાન ગઢવી અમરેલી મુંબઈ વાળા લોક ડાયરામાં જમાવટ કરાવેલી ત્યારબાદ બીજા દિવસે મંદિર ખાતે હવનનું આયોજન કરવામાં આવેલું આ હવનમાં બહોળી સંખ્યા માં ભાવિક ભક્તોએ હાજરી આપેલી સવારના હવન અને સાંજના સમયે બીડું હોમવા ના બહોળી સંખ્યામાં લોકો એકત્રિત થયેલા સાંજે મહા આરતી નું આયોજન કરવામાં આવેલ ત્યારબાદ પ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલું સાથે સાથે મંદિરની બાજુમાં એક જગ્યા રાખવામાં આવેલું તેનું ટ્રસ્ટીઓના હસ્તે આ જગ્યાનો ખાતમુરત કરવામાં આવેલું અત્રે ઉલ્લેખનીય બાબતે એ છે કે આ જગ્યા માટે ટ્રસ્ટીઓ દ્વારા તેમજ સમગ્ર સમાજ દ્વારા જહેમત ઉઠાવવામાં આવે છે ત્યારે શંખેશ્વરી મંદિરના મુખ્ય ટ્રસ્ટી અને પ્રમુખ ધરમદાસ દ્વારા આવતા વર્ષે જ્યારે પાટોત્સવનું આયોજન કરવામાં નું હોત ત્યારે સમાજના તમામ લોકોને મુંબઈથી રાજુલા આવવા જવાનો તમામ ખર્ચો આ ટ્રસ્ટના પ્રમુખ દ્વારા જાહેર કરવામાં આવેલ આ શંખેશ્વરી મંદિરમાં પાટોત્સવ નિમિત્તે વિવિધ શહેરોમાંથી સમાજના અનેક લોકો હાજર છે અને અહીંયા સતત બે દિવસ સુધી એક ધાર્મિક માહોલ જોવા મળે છે.

સમગ્ર કાર્યક્રમમાં રાજુલા શહેરમાંથી અનેક વેપારીઓ અગ્રણીઓ તેમજ આગેવાનોએ હાજરી આપેલી સમગ્ર કાર્યક્રમ ને પ્રમુખ શ્રી ધરમદાસ નંદલાલ મહેતા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનુપભાઈ પ્રતાપભાઈ મહેતા યાર્ડના પૂર્વ ઉપર મનુભાઈ વડલી રાજુભાઈ સંઘવી તથા વિપુલભાઈ લેરી ચેમ્બર ગૌરાંગ મહેતા ઓનલાઈન તેમજ અન્ય ટ્રસ્ટી ઓ એ ભારે જહેમત ઉઠાવેલ .

# રાજુલાના ચાંચ બંદરે પુરસંરક્ષણ દિવાલ બનાવવા માટે વપરાતું નબળુ મટિરીયલ

**મટિરીયલ અંગે રજુઆત કરવામાં આવી પણ પગલા લેવાતા નથી : કાનજીભાઇ ચૌહાણે કલેક્ટર સહિતને પત્ર પાઠવ્યો**



અમરેલી,રાજુલાના ચાંચ બંદર મુકામે પુર રક્ષણ દિવાલનું કામ હાલમાં શરૂ છે તેમાં મટીરીયલ યોગ્ય વાપરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે અને માંગણી કરવામાં છે રાજુલાના ચાંચ ગામના કાનજીભાઈ લખમણભાઈ ચૌહાણ દ્વારા ડેપ્યુટી કલેકટર એક્ટિવિટી તેમજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી કે રાજુલા તાલુકાના ગામે મચ્છી વસાહતપરાથી બાવળીયા પરા રામદેવ મંદિર સુધી રોડ રોડ સાઈડમાં પુર રક્ષણ દિવાલ બનાવવાનું કામ ગ્રામ પંચાયત હસ્તક શરૂ થવાની તૈયારીમાં છે જે માટે મટીરીયલ લાવેલ છે તે મટીરીયલમાં કાકરી બરાબર નથી પરંતુ જે રહેતી નદીના પટમાંથી લાવવાના બદલે અહીંની જમીનમાંથી માટી લાવેલ છે તે પૈણવા માટે આરસીસી કામમાં ચાલે નહીં તેમ છતાં લાવેલ છે જેથી આ કામ એક એકદમ બોગસ પ્રકારનું થઈ રહ્યું હોય જેથી આરસીસી ના નિયમ મુજબ એસ્ટીમેન્ટ આ કામ શરૂ કરવા રજૂઆત કરવામાં આવી છે.આ રોડ અવારનવાર દરિયાઈ પાણીથી ધોવાઈ ગયેલ છે અને અહીં રામદેવપીરના મંદિરે માનતાવાળા હજારોની સંખ્યામાં લોકો આવે છે જેથી આ સ્થળ ધાર્મિક આસ્થાનું કેન્દ્ર છે તેથી આ દિશામાં કામગીરી કરવા માંગણી કરી છે.

# પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો લાભ મેળવવા ખેડૂતોએ વિગતો અપડેટ કરાવવી જરૂરી

અમરેલી,

અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માનનિધિ(પી.એમ.કિસાન) યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદારને પ્રતિ વર્ષ રુ. ૬,૦૦૦ (ત્રણ સમાન હપ્તામાં) સહાય તેમના ખાતામાં- ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર(ડી.બી.ટી.)થી ચૂકવવામાં આવે છે. કેન્દ્ર સરકારની વર્તમાન સૂચના અનુસાર આ યોજનામાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ફરજિયાત પોતાના પી.એમ.કિસાન ખાતામાં ત્રણ વિગતો અદ્યતન કરવી જરુરી છે, જેમાં (૧) લેન્ડ સીડિંગ (જમીનની વિગતો) અપડેટ કરાવવી, (૨) બેંક સાથે આધાર સીડિંગ અને ડી.બી.ટી. ઈનેબલ કરાવવું અને (૩) ઈ-કે.વાય.સી. કરાવવું.જે ખેડૂતોને પી.એમ.કિસાનની સહાય મળતી બંધ થઈ ગઈ હોઈ તેમણે ઉપર જણાવેલ ત્રણ વિગત અપડેટેડ છે કે નહિ તે ચેક કરવાનું રહે છે. લાભ મેળવતા ખેડૂતે પી.એમ.કિસાન વેબસાઈટ પર જઈને આ વિગતો ચેક કરી લેવાની રહે છે અથવા આ માટે ગ્રામપંચાયતના વી.સી.ઈ. મારફત અથવા ગ્રામસેવકની સહાય મેળવી તેમના મારફત આ વિગતો ચેક કરાવી શકાય છે. જો ઉપરોક્ત ત્રણ વિગતની સામે ર્શ/ઈઈવઈભ્ઈઘબતાવે તો લેન્ડ સીડિંગ(જમીનની વિગતો) અપડેટ કરાવવા માટે આપની તાલુકા પંચાયતનો સંપર્ક કરવો. બેંક સાથે આધાર સીડિંગ કરાવવા અને ડી.બી.ટી. ઈનેબલ માટે આપનું બેંક ખાતું હોઈ તે બેંકનો સંપર્ક કરી શકાશે અથવા આપની નજીકની ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (પોસ્ટ ઓફીસ) નો સંપર્ક કરીને આધાર લીંક બેંક એકાઉન્ટ ખોલાવી શકાશે. ઈ-કે.વાય.સી. કરાવવા માટે જે-તે ગામના ગ્રામસેવકનો સંપર્ક કરવો અથવા આપના ગામના વી.સી.ઇ.નો સંપર્ક કરીને આ વિગતો અદ્યતન કરી શકાશે.આ માટે લાભાર્થીએ આધાર કાર્ડ અને મોબાઈલ નંબર તેમજ રુબરુ હાજરી જરુરી રહેશે. આ અંગેની વધુ વિગતો માટે તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત કચેરી અને વિસ્તરણ અધિકારીશ્રી(ખેતી)નો અથવા ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વી.સી.ઇ.અથવા ગ્રામસેવકશ્રીનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ધારી તાલુકામાં કમૌસમી વરસાદ અને વાવાઝોડાથી નુકશાન થતાં સહાય આપવા મુખ્યમંત્રીને રજુઆત

**ધારાસભ્યશ્રી જે. વી. કાકડીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**



અમરેલી,ધારી તાલુકા, બગસરા અને ખાંભા વિસ્તારમાં કમૌસમી વરસાદો અને વાવાઝોડાથી ખેડૂતોને ભારે નુકશાન થયું છે. વાવાઝોડાથી મકાનોના નળીયા પતરા, ઉડવાથી અનેક લોકોને નુકશાની સાથે મુશ્કેલી વેઠવી પડી છે. તાત્કાલીક વળતર ચુકવી સહાયભુત થવા ધારી બગસરાના ધારસભ્ય શ્રી જે.વી. કાકડીયાએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રજુઆત કર્યાનું અખબારી યાદીમાં જણાવ્યું છે.

**ગોંડલમાં આજ થી પુ.મોરારી બાપુની રામ કથાનો પ્રારંભ : સંતો મહંતો, ભાવિકોની વિશાળ ઉપસ્થિતિ**

# ફતેપુરમાં સરપંચની સતાના દુર ઉપયોગની તપાસ કરવા માંગ

**અમરેલી જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી કરાયેલી ધારદાર રજુઆત**

ફતેપુર,અમરેલીના ફતેપુર ગ્રામ પંચાયત સરપંચ તરીકે ક્રિષ્નાબેન જગદિશભાઈ પરમાર ચૂંટાઇ આવેલા અને સરપંચ તરીકે આવ્યા બાદ સરપંચની સતાનો ઉપયોગ કરી શકે છે. પરંતુ છેલ્લા એકાદ વર્ષથી ક્રિષ્નાબેનના લગ્ન થઈ ગયેલ હોવાથી સાસરે જતાં રહ્યા હોય. તેથી ક્રિષ્નાબેનના પિતા જગદિશભાઈ પરમાર કાયદા વિરૂધ્ધમાં જઈ સરપંચના પદનો બિનકાયદાકીય કારભાર સંભાળી સરપંચની કામગીરી કરી રહ્યા છે. આર્થિક લેવડદેવડ અને ભ્રષ્ટાચારની પણ ચર્ચા છે. તેથી તત્કાલ તપાસ કરી સત્ય બહાર લાવવા અને જરૂરી પગલા લેવા રજુઆત કર્યાનું રાજુભાઈ સોલંકી, ભરતભાઈ કાનપરીયા, પંકજભાઈ ચૌહાણ, અનિલભાઈ બારૈયા, મિલનભાઈ જાદવ, કમલેશભાઈ રાઠોડએ સયુંકત યાદીમાં જણાવ્યું છે.

## દેવળા ગામે શ્રી રામદેવજી મહારાજ પાટોત્સવ પ્રસંગે

# ધારીના દેવળામાં ભવ્ય સંતવાણી લોકડાયરો યોજાશે

**ડાયરામાં દલસુખ પ્રજાપતિ, વિજયદાન ગઢવી, શોભનાબેન દાફડા સહિત કલાકારોની જમાવટ**

અમરેલી,

ધારીના દેવળા ગામે શ્રી રામદેવજી મહારાજના પાટોત્સવ નિમિતે દેવળા ગામ પંચ દ્વારા ભવ્ય સંતવાણી તા.૨૫-૫-૨૪ને શનિવારે રાત્રે૯ કલાકે યોજાશે. જેમાં કલાકારો શ્રી દલસુખ પ્રજાપતિ, શ્રી વિજયદાન ગઢવી, શોભનાબેન દાફડા સહિત કલાકારો ડાયરો જમાવશે. પાટોત્સવ અને સંતવાણી ડાયરોનો લાભ લેવા સમસ્ત દેવળા ગામના પંચ ભાઈઓએ જણાવ્યું છે.

# કોટડાપીઠામાં ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાઇ

**ગુરુશીબીર પત્રિકા વિતરણ અને જનજાગૃતિ અભિયાન**



કોટડાપીઠા, (ભરત મહેતા) કોટડાપીઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી તથા જીલ્લા મેલેરીયા અધિકારીની સુચના અને તાલુકા હેલ્થ ઓફીરના માર્ગદર્શન મુજબ કોટડાપીઠા ૧૬ મે ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવી.ડેન્ગ્યુ રોગ અટકાવવા માટે ઘુઘરાળા ગામે ગુરૂશીબીર , પત્રિકા વિતરણ અને જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.૧૬ મે ૨૦૨૪ ડેન્ગ્યુ દિવસની ઉજવણીની થીમ ચાલો સૌ સાથે મળી ડેન્ગ્યુ પર નિયંત્રણ મેળવીએ ના ભાગરૂપે મચ્છર દ્વારા ફેલાતા રોગોથી બચવાના ઉપાયો જેમાં ખાડા ડાબોચીયામાં માટી નાખી પુરાણ કરાવવું, મચ્છરદાનીમાં સુવાની ટેવ પાડવી, પાણી ભરેલા પાત્રો હવા ચુસ્ત ઢાંકણથી બંધ રાખવા, દર ત્રીજા દિવસે વિછળી અને તપાવીને પછી પાણી ભરવું, જુના ટાયર ભંગાર વગેરેનો નાશ કરવો, સાંજના સમયે બારી બારણા બંધ રાખવા અને લીમડાનો ધુમાડો કરવા, તાવ આવે એટલે તુરંત જ લોહીની તપાસ કરાવવી પછી જ દવા લેવી. વગેરેની માહિતિ સુપરવાઈઝર મેહુલભાઈ દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા પ્રા.આ.કેન્દ્ર કોટડાપીઠાની ટીમ દ્વારા જહેમત ઉઠાવી હતી.

# ચિતલની હાઈસ્કુલ અને હાયર સેકન્ડરીનું ઉજજવળ પરીણામ

**ધો-૧૦ માં ચાર વિધાર્થીનીઓએ એ ટુ ગ્રેડ ધો-૧૨ માં સામાન્યમાં દિવ્યાંગ વિધાર્થીનીએ મેદાન માર્યુ**



અમરેલી,અમરેલી વિભાગ કેળવણી સંઘ બાબાપુર સંચાલિત ચિતલ હાઈસ્કુલ અને હાયર સેકેન્ડરી સ્કુલનું જળહળતું પરીણામ આવેલ છે.ચિતલ હાઈસ્કુલ ધો-૧૦ બોર્ડમાં ચાર વિધાર્થીનીઓએ એ ટુ ગ્રેડ મેળવી શાળા અને પરીવારનું ગૌરવ વધાર્યુ છે. પ્રથમ ક્રમાંકે બાટી જાહન્વી ૯૪.૭૭ પી.આર. તથા કામળીયા દક્ષાએ ૯૪.૪૬ પી.આર. મેળવી શાળા પરીવારનું ગૌરવ વધારતા સંસ્થાના પ્રમુખ મંદાકિનીબેન પુરોહીત અને શાળા પરીવારે બિરદાવેલ. તેમજ ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં ચિતલ હાઈસ્કુલમાં એક દિવ્યાંગ વિધાર્થીનીએ એક મેદાન મારી પરીવાર અને ગામનું ગૌરવ વધાર્યુ છે. ઈંગોરાળા ગામની દાફડા ચંદ્રીકા ૯૭.૨૫ પી.આર. મેળવેલ. આ દિકરી સામાન્ય પરીવારમાંથી આવતી હોય. જેમણે શાળા પરીવારના માર્ગદર્શનથી ઉજજવળ સફળતા મેળવી હતી. જેમને પ્રમુખ મંદાકિનીબેન પુરોહિતે બિરદાવી હતી.દિકરી સાથે વાત કરતા જણાવેલ કે મારે હજુ આગળ વધવું છે.અને મારા જેવા અનેક બાળકોને મદદરૂપ થઈ શકાય તે માટે પ્રાથમિક શિક્ષક બનવું છે.શાળામાં ભેંસાણીયા જાનકીબેને ૯૪.૨૫ પી.આર. મેળવી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

## અમરેલી ઠક્કરબાપા કુમાર છાત્રાલયમાં પ્રવેશ અપાશે

અમરેલી,ગુજરાત હરિજન સેવક સંઘ અમદાવાદ સંચાલિત ઠક્કરબાપા કુમાર છાત્રાલયમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. છેલ્લા ૭૫ વર્ષથી કાર્યરત છાત્રાલયમાં ધો. ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. અદ્યતન સુવિધા સભર બિલ્ડીંગ, સીસી કેમેરા સહિત સગવડતા અપાશે. પ્રવેશ ઈચ્છુકોએ ઠક્કરબાપા કુમાર છાત્રાલય ગજેરાપરા અમરેલી છગનભાઈ સોલંકી મો.૯૩૧૬૧ ૮૧૦૯૫ અથવા રવિરાજ સોલંકી ૬૩૫૨૩ ૮૮૬૫૦નો સંપર્ક કરવામાં જણાવ્યું છે.

# લાઠી અને બાબરા તાલુકામાં કમૌસમી વરસાદ અને વાવાઝોડાથી નુકશાનીમાં સહાય આપવા માંગણી

**ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજુઆત**



અમરેલી,

લાઠી બાબરા મારા મત વિસ્તારના તાલુકામાં તા.૧૪ અને ૧૫ મે ૨૦૨૪ના થયેલ કમૌસમી માવઠું અને ભારે પવન સાથે વાવાઝોડું આવવાના કારણે લાઠી બાબરા તાલુકાના ખેડુતોને ઉનાળું બાજરી, તલ, મગ, જુવાર, જેવા પાકોને મોટું નુકશાન થયેલ છે.ગ્રામ્ય વિસ્તારોના ખેડુતોએ પોતાની વાડીમાં બનાવેલા મકાનો ધરાશયી થવાથી ઉપરના પતરા સહિત સરસામાનને મોટું નુકશાન થયેલ છે. લાઠી તેમજ બાબરા શહેરી વિસ્તારમાં નાના ધંધાર્થી કેબીન ધારકો, ખાણીપીણીની લારીઓ ધરાવતા ધંધાર્થીઓ, જીનીંગધારકો, બાબરા જીઆઈડીસી ખાતે સંકળાયેલા ધંધાર્થીઓને પણ મોટા પ્રમાણમાં નુકશાની થયેલ છે. તેમજ ખેડુતોની ખેતરમાં પડેલ નીરણ,(ઘાસચારો)ને મોટા પ્રમાણમાં નુકશાન થયેલ હોય. તો આ બાબતની સત્વરે સર્વે કરાવી ખેડુતોને નુકશાની અંગે વળતર આપવા લાઠી બાબરા શહેરના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજુઆત કરી છે.

## ભાવભરી શ્રધ્ધાંજલી



સ્વ.કવિશ્રી રાજદેવભાઇ મેરામભાઇ બારોટ
(ઉ.વ.૭૮)
સ્વ.તા.૮-૫-૨૪, બુધવાર
મુ.ચલાલા, તા.ધારી, જી.અમરેલી

ચંદનની જેમ જીવનમાં આરંભથી અંત સુધી કાર્યરત રહી માનવતાની સુવાસ ફેલાવી, આપે કર્મયોગી જીવનનું દ્રષ્ટાંત પુરૂ પાડયુ, સ્વભાવે નિસ્વાર્થ, સમાજસેવા, કુટુંબ વાત્સલ્યતા, ધાર્મિક સેવા, પ્રબળ પુરૂષાર્થ ભાવના, સંસ્કાર અને જીવનના મુલ્યોનું સ્મરણ કરી આપનું માયાળુ જીવન અમારી સ્મૃતિમાં અમર રાખીશુ. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.રેણુકા બારોટ પરિવાર - ચલાલા
ના જય માતાજી

## અમરેલી તાલુકામાં કમૌસમી વરસાદ અને વાવાઝોડાથી નુકશાનનું સર્વે કરાવી વળતર આપવા માંગણી કરાઇ

અમરેલી,

તાજેતરમાં અમરેલી તાલુકામાં કમૌસમી વરસાદ અને વાવાઝોડાના કારણે ખેડુતોને ઉનાળુ પાકમાં વ્યાપક નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. અને ગ્રામ્ય વિસ્તારમાં લોકોના કાચા મકાનોને પણ મોટા પાયે નુકશાન થયેલ છે. તો રાજય સરકાર ખેડુતો અને લોકો પ્રત્યે સંવેદના દાખવી કમૌસમી વરસાદ અને વાવાઝોડાથી નુકશાનીમાંથી ખેડુતો અને લોકોને ઉગારવા તત્કાલ સર્વે કરાવી નુકશાનીનું વળતર ચુકવવા અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષભાઈ ભંડેરી દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજુઆત કરી છે.

### છેલ્લા પાનાનું - આભાર બેઠક

OBC સેલ, અનુ.જાતિ મોરચો, કિસાન સેલ સહિત જિલ્લા ના કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ મીટીંગમાં પૂર્વ ધારાસભ્યો, પ્રદેશ સમિતિનાં હોદેદારશ્રીઓ, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદેદારો, તાલુકા/ શહેર સમિતિનાં હોદેદારો, ચૂંટાયેલ કે લડેલા જી. ૫ ઉમેદવારો/ તા. ૫.ઉમેદવારો/ નગરપાલિકા ઉમેદવારો તથા યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, NSUI, OBC સેલ, કિસાન સેલ, સેવાદળ, SC સેલ, શિક્ષક સેલ,લઘુમતી સેલ સહિત ના તમામ સેલ ફ્રન્ટલ ના આગેવાનો અને જિલ્લા ના તમામ કોંગ્રેસ અગ્રણીઓ તથા કાર્યકરો ને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. તેમ પ્રતાપભાઈ દુધાત પ્રમુખશ્રી જિલ્લા કોંગ્રેસ સમિતિએ જણાવ્યું છે.

## CHANGE OF NAME

I JADAV JAYESHBHAI GANPATBHAI
RESIDENT AT BAGASARA
MY OLD NAME WAS
JADAV JAYESH GANPATBHAI
NOW ONWARDS I WOULD BE KNOWN AS
JADAV JAYESHBHAI GANPATBHAI

## CHANGE OF NAME

I SOLANKI JITENDRA DHIRAJ LAL
RESIDENT AT BAGASARA
MY OLD NAME WAS
SOLANKI JITENDRA KUMAR DHIRAJ LAL
NOW ONWARDS I WOULD BE KNOWN AS
SOLANKI JITENDRA DHIRAJLAL

## નામ બદલાવેલ છે

હું સોલંકી જીતેન્દ્ર ધીરજલાલ રહે. બગસરા જાહેર કરૂ છુ કે મારૂ જુનુ નામ સોલંકી જીતેન્દ્રકુમાર ધીરજલાલ હતુ જે બદલાવીને હવે મારૂ નવુ નામ સોલંકી જીતેન્દ્ર ધીરજલાલ કરેલ છે અને હવેથી હું સોલંકી જીતેન્દ્ર ધીરજલાલના નામથી ઓળખાઇશ.
સહી : સોલંકી જીતેન્દ્ર ધીરજલાલ

## નામ બદલાવેલ છે

હું જાદવ જયેશભાઇ ગણપતભાઇ રહે. બગસરા જાહેર કરૂ છુ કે મારૂ જુનુ નામ જાદવ જયેશ ગણપતભાઇ હતુ જે બદલાવીને હવે મારૂ નવુ નામ જાદવ જયેશભાઇ ગણપતભાઇ કરેલ છે અને હવેથી હું જાદવ જયેશભાઇ ગણપતભાઇના નામથી ઓળખાઇશ.
સહી : જાદવ જયેશભાઇ ગણપતભાઇ

સંકુલ ઉ.મા. ગર્લ્સ સ્કૂલ - બાયો મેથ્સ પ્રવેશ
સંકુલ ઉ.મા. EM ગર્લ્સ સ્કૂલ - બાયોલોજી પ્રવેશ
સંકુલ ઉ.મા. કુમાર શાળા - બાયો મેથ્સ પ્રવેશ
★ ઉ.મા. સાયંસ ગુજરાતી મિડીયમ ગર્લ્સ સ્કૂલ A & B ગૃપ પ્રવેશ ચાલુ
★ ઉ.મા. સાયંસ ઈંગ્લીશ મિડીયમ ગર્લ્સ સ્કૂલ B ગૃપ પ્રવેશ ચાલુ
★ ઉ.મા. સાયંસ ગુજરાતી મિડીયમ કુમાર શાળા A & B ગૃપ પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ-શ્રીમતીશાંતાબેનહરિભાઈગજેરાશૈક્ષણિકગર્લ્સસંકુલ(લેઉવા પટેલ),ચક્કરગઢ રોડ -Ad 029






... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર +પાસીગ
ગાંધી બાગ પાસે,
જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ +PUC
પંચવટી કોમ્પ્લેક્ષ,
માણેક સ્થંભની બાજુમાં,
લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર
સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન
દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા
બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ
કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા
લેહ લદાખ
દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન ● રેલ્વે બુકિંગ ● ફલાઇટ બુકિંગ ● વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

## ભાવભરી શ્રધ્ધાંજલી



સ્વ.રામકુભાઇ જીલુભાઇ વાળા
સ્વ.તા.૧૫-૫-૨૦૨૪
ગામ : પાનસડા, હાલ રાજુલા

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત,એ સનાતન સત્ય હોવા છતા,
કેટલાક મૃત્યુ એવા હોય છે કે,તેના ઘાવ કદી રૂઝાતા નથી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.
કનુભાઇ જીલુભાઇ વાળા (નિવૃત પી.એસ.આઇ.)
દેવકુભાઇ જીલુભાઇ વાળા
ધ્રુવિતભાઇ રામકુભાઇ વાળા
જયરાજભાઇ કનુભાઇ વાળા
ધર્મેન્દ્રભાઇ કનુભાઇ વાળા
અક્ષરાજભાઇ ધર્મેન્દ્રભાઇ વાળા
ગજેન્દ્રભાઇ કનુભાઇ વાળા
ભવદીપભાઇ દેવકુભાઇ વાળા
કાવ્યરાજભાઇ ભવદીપભાઇ વાળા
શક્તિરાજભાઇ દેવકુભાઇ વાળા
વલકુભાઇ માણાભાઇ બસીયા
હરદીપભાઇ વલકુભાઇ બસિયા
તથા વાળા પરિવાર

અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી
વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા



આ છે અહીંની વિશેષતાઓ...
● વિક્ટ્રીફાઇ ટાઇલ્સ ● સ્ટાન્ડર્ડ ક્વોલીટીમાં બાથરૂમ ફીટીંગ
● સ્ટાન્ડર્ડ બારી દરવાજા ● મેઇન ગેટે સિક્યુરીટી
● ગ્રેનાઇટ પ્લેટફોર્મ ● ૨૪ કલાક જનરેટરની સુવિધા
● આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
● સ્ટીલ ગ્રેલીંગ ● આર.સી.સી. રોડ
● સીસીટીવી કેમેરાથી સુસજ્જ
અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :-
સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે,
ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE I SPARE I INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ
તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં
રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.



તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

## ભાવભરી શ્રધ્ધાંજલી



સ્વ.રામકુભાઇ જીલુભાઇ વાળા
સ્વ.તા.૧૫-૫-૨૦૨૪
ગામ : પાનસડા, હાલ રાજુલા

તમે એક પળમાં જીંદગીભરનું સંભારણું છોડી ચાલ્યા ગયા,
જીંદગી ટુંકી હતી છતાં લાગણી ઘણી મુકી ગયા,
જીવ્યા થોડું પણ જીતી ઘણું ગયા, હસીને હસાવનાર
બધાને રડાવીને તમે ચાલ્યા ગયા. પરમ કૃપાળુ
પરમાત્મા તમારા દિવ્ય આત્માને
પરમ શાંતી અર્પે એજ પ્રાર્થના...

લી.
નિરૂભાઇ દાદાભાઇ ખુમાણ - રાજુલા
રોહિતભાઇ માણસુરભાઇ કારેતા (ખાંભા)
ગૌરાંગભાઇ નિરૂભાઇ ખુમાણ
ભવદીપભાઇ નિરૂભાઇ ખુમાણ
ઉદીતભાઇ રોહિતભાઇ કારેતા





Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી
(ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી






રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

## અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

### દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

### આકર્ષક વ્યાજદરો

સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

## અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

● બાયપાસ બ્રાન્ચ ●
સિલ્વર શાઇન કોમ્પલેક્સ,
રોયલ એમેઝોન સામે,
બાળહનુમાન મંદિર રોડ,
બાયપાસ રોડ, અમરેલી.

● બાબરા બ્રાન્ચ ●
સહકાર ભવન, શિવાજી ચોક,
તાલુકા શાળા સામે,
મુ. બાબરા. જિ. અમરેલી.
ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

● ધારી બ્રાન્ચ ●
રેલ્વે સ્ટેશન પાસે,
ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે
મુ. ધારી. જિ. અમરેલી.
ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

